णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

आयओ गुरुबहुमाणो

# વેરાયટી

## વિવિધ લેખો

પ્રિયમ્


**अहो श्रुतम्**

**શા. બાબુલાલ સરેમલજી**


સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪

ahoshrut.bs@gmail.com

ભાદરવો, વિ.૨૦૭૭

સપ્ટેમ્બર, ૨૦૨૧




બાળક ખુદ મા-ની ચોપડી હતું. જીવતી ચોપડી - હસ્તલિખિત ચોપડી - જેને મા-એ પોતાના લોહીની શાહીથી લખી, ઉજાગરા પણ કરીને લખી, માંદગીમાં ય લખી, નબળાઈમાં ય લખી, ને સો કામ મુકીને ય લખી. મા-ના શબ્દો, મા-ની શૈલી, મા-ની અક્ષરમરોડની કળા, મા-નું માધુર્ય, મા-ની પ્રસ્તુતિ -- બધું જ લા-જવાબ. છતાં કાગળ હલકો હતો એટલે જોઈએ એવો ઉઠાવ ન આવ્યો. પણ લોકોને કશી ખબર નથી એટલે તેઓ એમ કહે, કે આથી વધુ ઉઠાવ તો શું હોઈ શકે ? બાળકને તો ખબર છે, એટલે ૧૦૦% માને છે કે આપણો ઉઠાવ તો રદ્દીની સાથે કિલોબંધ વેંચાવા જેટલો છે. છતાં આપણે વેંચાવાની બદલે વંચાઈ રહ્યા છીએ એમાં કારણ ફક્ત એ મા-ની હસ્તકળા અને હૈયાકળા છે.

# ❀ દરિયો અને ચમચી ❀

ગીતાર્થતાના મહાસાગરની સફરે

(સૂરિ જયઘોષ ગુણગાન)

જ્ઞાનની એક જુદી જ દુનિયા છે. એ જ ગ્રંથ હોય, એ જ પ્રત હોય, એ જ જ્ઞાનદાતા હોય, અરે કદાચ ક્ષયોપશમ પણ એ જ હોય છતાં એક અધ્યેતા મહાગીતાર્થ બને.. એમનો શબ્દે શબ્દ આગમતુલ્ય બને... સકળ શ્રીસંઘને એમના માટે અપાર શ્રદ્ધેયતા હોય, ને કદાચ બીજા અધ્યેતા એમના પાંચ ટકાએ પણ ન પહોંચી શક્યા હોય... એવું બની શકે... કારણ એ જ જ્ઞાનની એક જુદી જ દુનિયા છે. આપણને લાગે છે કે 'એ આ જ દુનિયા છે... આ રહી ચોપડી...આ રહ્યા ભણાવનાર... મારો પાઠ થઈ ગયો.. આજે ૩૫ પાના વાંચ્યા... રિવિઝન પણ બરાબર થઈ ગયું. મારું ભણવાનું સરસ ચાલે છે, જે ભણવાનું કહેવાય છે તે આ જ છે...' બની શકે કે જેને ભણતર કહેવાય એ હજી આપણું ચાલુ જ ન થયું હોય... કારણ કે... જ્ઞાનની એક જુદી જ દુનિયા છે.

**જ્યાં પહોંચવા માટે વિનયનો રસ્તો છે, જ્યાં બહુમાનનો પરિસર છે. ભક્તિનું પ્રવેશદ્વાર છે, કૃતજ્ઞતાની હવેલીઓ છે, પ્રીતિની મહેલાતો છે, લાગણીનું બજાર છે, સમર્પણની નીતિ છે, જ્યાં બે અક્ષરનું ઉત્કૃષ્ટ પ્રચલન છે... ગુરુ, જ્યાં બધી દિશાઓ એક જ રંગથી રંગાયેલી છે.. ગુરુ. જ્યાં હવાની લહેરીઓ ગુરુગુણના ગીત ગાઈ રહી છે. જ્યાં ધરતી સતત સંવેદનાના જળથી ભીની ભીની રહે છે. જ્યાં એક જ જીવનમન્ત્ર છે - ગુર્વાજ્ઞા. જ્યાંના નાગરિકત્વ માટે એક જ લાયકાત જોઈએ છે - શિષ્યત્વ.**

આ છે જ્ઞાનની દુનિયા. જેમાં પગ મૂક્યા પહેલા 'ભણતર' શરૂ થવું શક્ય જ નથી. યાદ આવે ચંદાવિજ્ઝય પયન્ના આગમ સૂત્ર -

सिक्खाहि ताव विणयं किं ते विज्जाइ दुव्विणीयस्स ?
दुस्सिक्खिओ उ विणओ सुलहा विज्जा सुविणीयस्स ।।

***રે દુર્વિનીત ! તને વિદ્યાનું શું કામ છે ? તું પહેલા તો વિનય શીખ. વિનય શીખવો અઘરો છે. વિનય આવડી જાય પછી વિદ્યા શીખવી તો બહુ સુલભ છે.***

જાણે આગમ કહે છે કે ૧૪ પૂર્વો શીખવા એ અઘરું નથી. વિનય શીખવો એ અઘરો છે. જેને વિનય આવડ્યો એને ૧૪ પૂર્વો આવડ્યા. જે વિનયની લિપિ ઉકેલી શક્યા એ પિસ્તાલીશ આગમની લિપિ ઉકેલી શક્યા. દેવનાગરી લિપિ ખ્યાલ હોય. એને સંસ્કૃત પ્રાકૃતની કશી ગતાગમ ન હોય, તો ય એ મુદ્રિત પ્રતોમાંથી આગમોને વાંચી તો શકે, કહેવાય કે લિપિ ઉકેલાઈ ગઈ. એ વ્યક્તિ કહે - મેં આગમો વાંચી લીધા. તો આપણને હસવું આવે. આપણા પર જ્ઞાનીઓને હસવું નહીં આવતું હોય?

આટલી ભૂમિકા સાથે આજે વાત કરવી છે સિદ્ધાન્તદિવાકર પૂજ્યશ્રીની. એમની ગીતાર્થતાની. એમની શાસ્ત્રપરિકર્મિતમતિની. એમની ઉત્સર્ગાપવાદવિવેકદષ્ટિની. આમાં એમના વિધાનો છે, નિષેધો છે, પ્રસંગો છે, શાસ્ત્રપાઠો છે. આપણે ઓવારી જઈએ એવા સમાધાનો છે. પણ હકીકતમાં આમાં કશું પણ વિશિષ્ટ નથી. બધું જ સામાન્ય છે. એ દુનિયામાં આ બધું સામાન્ય હોય છે, આપણે આ દુનિયામાં છીએ, એટલે આપણને વિશિષ્ટ લાગે છે.

આગમનો એક પદાર્થ છે -

**आसगता हत्थिगतो गव्विज्जइ भूमितोइ कमणिल्लो ।**
**पादो उ समाउक्को, कमणाउ खरो अवि य भारो ।।**

ઉત્સર્ગથી સાધુએ પગરખા ન પહેરવા જોઈએ, કારણ કે જેમ એક વ્યક્તિ ઘોડા પર હોય અને બીજી વ્યક્તિ હાથી પર હોય, તો હાથીવાળાને ઊંચા હોવાનો ગર્વ થાય. તેમ શક્ય છે કે સીધી જમીન

પર ઊભેલી વ્યક્તિ કરતા પગરખા પહેરીને ઊભેલી વ્યક્તિને ગર્વ થાય. પગ હજી કંઈક કોમળ હોય, પગરખા કર્કશ હોય, પગનો ભાર ઓછો લાગે. પગરખાથી ત્રસ જીવોને ખૂબ ભાર લાગે, આ અને બીજા પણ કારણસર ઉત્સર્ગથી મહાત્માએ પગરખા ન પહેરાય.

આની સામે આગમમાં અપવાદ પણ બતાડ્યો છે –

कंटाहिसीयरक्खट्ठ ।

**જો રસ્તામાં ખૂબ કાંટા હોય, સાપ ડંખ મારી દે એવું જોખમ હોય, ગ્લાન મહાત્માને પગમાં ઠંડક લાગવાથી ખોરાક ન પચે એવી પરિસ્થિતિ હોય, વગેરે કારણે પગરખાની છૂટ પણ આપી છે.**

એક પ્રકારનું જીવદળ એકાન્તે ઉત્સર્ગમાં ઢળી જાય છે, બીજા પ્રકારનું જીવદળ એકાન્તે અપવાદમાં ઢળી જાય છે. કોઈ પણ પરિસ્થિતિમાં પગમાં કશું ન જ પહેરવું આ ઉત્સર્ગમાત્રરુચિ છે. લાગ મળે ને પહેરી લેવું આ અપવાદરુચિ છે. પ્રારંભિક અવસ્થામાં ઉત્સર્ગરુચિ હિતકારક હોય છે. માટે જ આગમમાં એવું કહ્યું છે કે ઉત્સર્ગરુચિ ધરાવતા શિષ્યને રહસ્યશ્રુત આપવું. એક ત્રીજા પ્રકારનું જીવદળ હોય છે, જે ઉત્સર્ગ અને અપવાદ જણાવતા શાસ્ત્રોને ભણીને પણ અપવાદની શ્રદ્ધા કરતું નથી. આવું તો કેમ ચાલે ? એમ માની ઉત્સર્ગૈકાન્ત પકડી રાખે છે. અને સૂત્રોક્ત પરિસ્થિતિમાં ય અપવાદ આચરી શકતા નથી. તે જીવદળ અપવાદની અશ્રદ્ધા દ્વારા જિનાજ્ઞાની જ અશ્રદ્ધા કરતા હોય છે. ચોથા પ્રકારનું જીવદળ અપવાદને જાણીને તથાવિધ પરિસ્થિતિ ન હોવા છતાં પણ અપવાદને વળગી રહે છે. આગમમાં તેને અતિપરિણત કહેલ છે. તે પણ જિનાજ્ઞાના વિરાધક હોય છે. પાંચમા પ્રકારનું જીવદળ એવું હોય છે કે જે ઉત્સર્ગશ્રુત અને અપવાદશ્રુત બંને ભણે છે. બંનેને માને છે. પણ એના તાત્પર્યાર્થને સમજતું નથી ને માટે જ ખરા અર્થમાં એકે ય ને માનતું નથી.

**પગરખાની જ વાત લઈએ, તો જે એમ માને કે સામાન્ય સંયોગોમાં**

**પગરખા ન પહેરાય. કાંટા, સાપ, રોગ વગેરેનું કારણ હોય તો પહેરાય. પણ જે એમ ન સમજે કે પગરખા ન પહેરવાના ઉત્સર્ગનું તાત્પર્ય સુખશીલતા, અહંકાર અને જીવવિરાધનાથી બચવાનું છે. જે બીજા નિમિત્તો દ્વારા આ બધા દોષો સેવે અને એક પગરખા ન પહેરવાના આચારને દૃઢતાથી વળગી રહે, એ જીવ હકીકતમાં ઉત્સર્ગને પણ સમજ્યો નથી.** જે એમ માને કે કાંટા, સાપ, રોગ વગેરે જે કારણો આગમમાં બતાવ્યા એ કારણસર પગરખા પહેરાય, એ કારણો વિના પગરખા ન જ પહેરાય, પણ એ એમ ન સમજે કે એ કારણોનું તાત્પર્ય આત્મવિરાધના ન થવા દેવી એ છે. જે આત્મવિરાધનાના બીજા કારણોને સેવે, અને કાંટા વગેરેમાં જ પગરખા પહેરવા, આવો અપવાદ આચરે એ હકીકતમાં અપવાદને બરાબર સમજ્યા નથી હોતા.

પૂજ્યશ્રી આ પાંચે પ્રકારના જીવોથી આગળ હતા. પૂજ્યશ્રી ઉત્સર્ગને પણ સમ્યક્ સમજ્યા હતા અને અપવાદને પણ સમ્યક્ સમજ્યા હતા. પૂજ્યશ્રીએ જ્યારે જોયું કે વર્તમાન સમયમાં હાઈવે વગેરેના વિહારોમાં અકસ્માતો થઈ રહ્યા છે. જેનું એક કારણ એ પણ છે કે રોડની નીચે કાચ, કાંકરા વગેરે હોવાથી ત્યાં ચાલવું શક્ય ન બને, તેથી મહાત્માઓ રોડ ઉપર ચાલે અને તેનાથી અકસ્માત્નું જોખમ વધી જાય.

પૂજ્યશ્રીની ઉત્સર્ગ-અપવાદ મર્મજ્ઞતા આ પ્રસંગે ઝળકી ઉઠી. પગરખા ન પહેરવાના લાભ કરતા આત્મવિરાધનાનું નુકશાન વધારે છે... આ તથ્ય તેમને તત્ક્ષણ સ્ફુરાયમાન થયું.

**आय वयं तुल्लिज्जा लाहाकंखी व वाणियओ ।**

**જેમ લાભના ઈચ્છુક વેપારી આય અને વ્યયની તુલના કરે તેમ મોક્ષાર્થીએ લાભાલાભ જોઈને ઉત્સર્ગ-અપવાદમાંથી જે સમયે જે યોગ્ય હોય, તેનું આચરણ કરવું જોઈએ.**

પૂજ્યશ્રી આગમના ફક્ત શબ્દોને જ ન'તા પકડતા. પૂજ્યશ્રી ફક્ત અર્થને જ ન'તા પકડતા. પૂજ્યશ્રી આગમના હાર્દને પકડતા હતા.

પૂજ્યશ્રીએ નિશ્રાવર્તી સર્વ પૂજ્યોને સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું કે આવી પરિસ્થિતિમાં પગે પહેરીને (રોડ નીચે) ચાલવામાં આરાધના છે, ન પહેરવામાં (રોડ ઉપર ચાલવામાં) વિરાધના છે.

પૂજ્યશ્રીનું માર્ગદર્શન સ્પષ્ટ રહેતું, અફર રહેતું. ક્યારેક પહેલી ક્ષણે ચોંકાવનારું રહેતું, પણ સમજ્યા પછી વિસ્મિત કરાવનારું રહેતું ને વધુ સમજ્યા પછી અહોભાવથી ઝુકાવી દેનારું રહેતું. પગરખા ફક્ત એક નાનકડું ઉદાહરણ છે. એક ઉત્સર્ગ. એનો અપવાદ. એ બંનેનો મર્મ. એના સમ્યક્ અનુસરણથી કલ્યાણ. અન્યથા અનર્થ. આ બધું પૂજ્યશ્રીની સમજમાં એવું સ્પષ્ટ હતું એવું સમગ્ર આગમ વાઙ્મય સ્પષ્ટ હતું. જેના પ્રમાણપત્રો વિશિષ્ટ આચાર્ય ભગવંતોથી માંડીને નાના શ્રાવક સુદ્ધાને સતત મળતા રહ્યા હતા. **એ દરેક ઘટના આપણી જાણમાં આવી પણ હોતી નથી અને જાણમાં આવેલી દરેક ઘટનાનું પ્રકાશન પણ ઉચિત નથી હોતું. પણ એ દરેક ઘટના પૂજ્યશ્રીની અગાધ ગીતાર્થતાની પરિચાયક બની અને પૂજ્યશ્રી પ્રત્યે અહોભાવપ્રેરક બની એટલું નક્કી છે.**

એક મહાત્મા બપોરે બે વાગે બહારથી આવી પૂજ્યશ્રી પાસે ઊભા રહ્યા. પૂજ્યશ્રીને કહ્યું, 'બહારનું નિર્દોષ પાણી લાવ્યો છું.'

પૂજ્યશ્રી તરત બોલ્યા, 'આ પાણી દ્રવ્યથી નિર્દોષ છે, ભાવથી દોષિત છે, બપોરે બે વાગે ઘરમાં બહેન એકલા હોય, આ કવેળા છે, અત્યારે ઘરમાં જવાય જ નહીં.'

મોટા ભાગના જીવો અજ્ઞાની હોય છે. બહુ થોડા જીવોને શાસ્ત્ર મળ્યું હોય છે, એમના કરતા પણ બહુ જ થોડા જીવોને શાસ્ત્રો મળ્યા હોય છે. એમના કરતા પણ અત્યંત થોડા જીવોને શાસ્ત્રો ઉપસ્થિત (યાદ) હોય છે. પણ એમની પાસે ય એક-એક શાસ્ત્રોનો જુદો જુદો બોધ હોય છે. અત્યંત અત્યંત વિરલ આત્મા એવા હોય છે, જેમને ઘણા શાસ્ત્રો યાદ હોવા સાથે ઘણા શાસ્ત્રોનો પરસ્પર સંકલાત્મક બોધ હોય અને એક શાસ્ત્રના એક પદાર્થનો અર્થ કરવામાં બીજા અઢળક

શાસ્ત્રોના પદાર્થોની સાપેક્ષતા હોય. પૂજ્યશ્રી આવા વિરલતમ આત્મા હતા. જેમને ખરા અર્થમાં બહુશ્રુત કહી શકાય.

**सुद्धं गवेसमाणो** (શુદ્ધ આહાર-પાણી માટે ભિક્ષાટન કરવું) - આ પિંડનિર્યુક્તિના પદાર્થની સાથે સાથે **इत्थी विप्पजहे अणगारे** (શ્રમણ સ્ત્રીનો સર્વથા ત્યાગ કરે)- આ ઉત્તરાધ્યયન સૂત્રનો પદાર્થ, **विवित्ता य भवे सिज्जा** (એકાન્તમાં સ્ત્રી સાથે વાત ન કરવી) - આ દશવૈકાલિક સૂત્રનો પદાર્થ, **अप्पमाओ महामोहे** (વિજાતીય મહામોહનું કારણ છે, તેની બાબતમાં ખૂબ અપ્રમત્ત રહેવું) - આ આચારાંગસૂત્રનો પદાર્થ, **अकालं च विवज्जित्ता** (અકાળ-ભિક્ષાટનનો ખાસ ત્યાગ કરવો) - આ દશવૈકાલિક સૂત્રનો પદાર્થ, **णो वि य साहसं समणुजाणे** (વિજાતીયની બાબતમાં કોઈ જ જોખમ ન લેવું) - આ સૂત્રકૃતાંગ સૂત્રનો પદાર્થ, **एगो एगित्थीए सद्धिं णेव चिट्ठे ण संलवे** (પોતે એકલો ને સ્ત્રી એકલી - આ સ્થિતિમાં ન ઊભા રહેવાય, ન વાત કરાય)- આ ઉત્તરાધ્યયન સૂત્રનો પદાર્થ, **गुत्ति य विराहिंतो** (ગુપ્તિવિરાધનામાં સમ્યક્ત્વક્ષતિ) - આ મહાનિશિથ સૂત્રનો પદાર્થ, **जम्मि य भग्गम्मि होइ सहसा सव्वं संभग्ग०** (બ્રહ્મચર્ય ભાંગતા બધાં જ તપ-વ્રત-નિયમોનો ભાંગીને ભુક્કો થઈ જાય છે.) - આ પ્રશ્નવ્યાકરણ સૂત્રનો પદાર્થ - વગેરે વગેરે અનેકાનેક શાસ્ત્રોના પદાર્થો હૃદયસાત્ અને આત્મસાત્ થયા હોય ત્યારે તત્ક્ષણ આવા ઉદ્ગાર નીકળે કે આ પાણી દ્રવ્યથી નિર્દોષ છે. અને ભાવથી દોષિત છે.

ઉપરોક્ત વિભિન્ન શાસ્ત્ર-પદાર્થો યાદ કરી કરીને લખી દેવા એ જુદી વાત છે અને એ સર્વ શાસ્ત્રોના પદાર્થોથી ઓળઘોળ થયેલો આત્મા તથાવિધ પ્રસંગે તત્ક્ષણ એ સર્વ શાસ્ત્રોના મર્મભૂત પ્રસંગોચિત માર્ગદર્શન આપે એ જુદી વસ્તુ છે.

ગીતાર્થતા. ગચ્છાચાર પયન્ના આગમમાં ગીતાર્થની સરસ વ્યાખ્યા કરી છે.

**गीएण होइ गीई अत्थी अत्थेण होइ नायव्वो ।**
**गीएण य अत्थेण य गीयत्थं तं विजाणाहि ।।**

**ગીત એટલે સૂત્ર અને અર્થ એટલે તેની વ્યાખ્યા. જેમની પાસે ગીત હોય એમને ગીતી કહેવાય અને જેમની પાસે અર્થ હોય એમને અર્થી કહેવાય. જેમની પાસે ગીત અને અર્થ બંને હોય એમને ગીતાર્થ કહેવાય.**

પરમ વિનય, પરમ સમર્પણ, પરમ ઔચિત્ય, પરમ અંતર્મુખતા, પરમ માધ્યસ્થ્ય, પરમ ક્ષયોપશમ... આ બધા ગુણોના માધ્યમે પૂજ્યશ્રી ગીતાર્થતાના શિખરે પહોંચ્યા હતા. અંતર્મુખતાની એક વાત યાદ આવે. પૂ. ગુરુદેવશ્રીએ પૂજ્યશ્રીને વર્ષો પહેરાની એક ઘટના વિષે પૃચ્છા કરી હતી... 'ત્યારે શું કર્યું હતું એ આપને ખ્યાલ છે ?' પૂજ્યશ્રી સ્મિત કરીને બોલ્યા, 'ત્યારે તો હું પુસ્તકનો કીડો હતો.' યાદ આવે મરણસમાધિ આગમ -

**एगाहेण तवस्सी हविज्ज णत्थिऽत्थ संसओ कोइ ।**
**एगाहेण सुयहरो ण होइ धंतं पि तुरमाणो ।।**

***એક દિવસમાં તપસ્વી થઈ શકાય***
***એમાં કોઈ જ સંશય નથી***
***પણ એક દિવસમાં શ્રુતધર થઈ શકાતું નથી.***
***પછી ભલે ને ગમે તેટલા ઉતાવળા કેમ ન થાય !***

પૂજ્યશ્રીએ સંયમ જીવનના ૪૩-૪૩ વર્ષ પડદાં પાછળ રહીને, ગુરુ-છાયામાં પૂર્ણ અંતર્મુખતા સાથે સંયમ-સેવા-સ્વાધ્યાયના યજ્ઞકુંડમાં હોમીને આ શિખર સાધ્યું હતું. કોઈ ઓળખે નહીં ને કોઈ ઓળખે એવો વિચાર સુદ્ધા નહીં. આવશ્યક યોગો સિવાયનો બધો સમય ભણતા-ભણાવતા રહેવું... આ સાધનાના સાતત્યે પૂજ્યશ્રીને આવી ઉચ્ચ ભૂમિકાએ મુકી દીધા હતા. જે સાતત્યને હકીકતમાં પૂજ્યશ્રીએ જીવનના છેડા સુધી છોડ્યું ન હતું.

હજી ઊંડાણમાં જઈએ, તો પૂજ્યશ્રી બહુ પહેલાથી જ આ ભૂમિકાએ હતા, માટે જ પરમ ગુરુ સૂરિ પ્રેમે સાત વર્ષના પર્યાયમાં છેદસૂત્રોના અધ્યયનની અનુજ્ઞા આપી, બાર વર્ષના પર્યાયમાં પ્રાયશ્ચિત્તદાતા તરીકે

માન્ય ઠેરવ્યા અને આજ્ઞાપત્રમાં શાસ્ત્રીય બાબતમાં એમની પણ સલાહ લેવાનું સ્પષ્ટ ફરમાન લખી ગયા, એટલું જ નહીં, એક વિશાળ પરિવારનું ઉત્તરાધિકારિત્વ સોંપતા ગયા.

આ લેખ લખવા માટે મારા પર વડીલોનો આદેશ આવ્યો. એ પત્રનું એક વાક્ય છે - 'પૂજ્યશ્રીના ગીતાર્થમૂર્ધન્ય વિશેષણને સારી રીતે જસ્ટીફાઈડ કરવાનું છે.' આ બધું લખતા લખતા મનમાં સમાંતર સમાંતર એક અજંપો ચાલી રહ્યો છે - કે જસ્ટીફાઈડ નથી થઈ રહ્યું, 'સારી રીતે' તો ઓર દૂરની વાત છે. મારી બુદ્ધિની ચમચીથી મારે પૂજ્યશ્રીનો ગીતાર્થતાના દરિયાનું માપ કાઢવાનું છે. ક્યાંથી શક્ય બને? એ શક્ય ન બને એમાં ય હકીકતમાં પૂજ્યશ્રીનું ગૌરવ જ થઈ રહ્યું છે, એટલું આશ્વાસન ખરું.

અમદાવાદ-પંકજ-સ્મૃતિમંદિરમાં સમુદાયનું સ્નેહ મિલન હતું. ૨૦૯ શ્રમણ ભગવંતો-અદ્ભુત માહોલ. પૂજ્યશ્રીએ ઘોષિત કર્યું, 'અત્યારે અસજ્ઝાય છે.' ભલભલા વિદ્વાનો પણ આશ્ચર્યમાં પડી જાય એવું વિધાન. પૂજ્યશ્રીને પૂછવામાં આવ્યું, 'અત્યારે શાની અસજ્ઝાય ? નથી ઓળી, નથી ચોમાસી, નથી આર્દ્રા પહેલાનો વરસાદ. તો પછી...' પૂજ્યશ્રીએ કહ્યું, 'જ્યારે આટલો વિશાળ પરિવાર ભેગો થયો હોય, ત્યારે પરસ્પર મળવાનું હોય, પ્રેરણા લેવાની હોય, આલંબન લેવાનું હોય, ભક્તિ કરવાની હોય કે પછી ચોપડી લઈને બેસવાનું હોય ? અત્યારે ભણવું એ ઔચિત્ય નથી. માટે અત્યારે અસજ્ઝાય છે.'

**એક પંડિતજી પાસે અમે ભણતા હતા. એ પંડિતજી કોઈ વૈદિક ન્યાયાચાર્યની વાત કરતા હતા કે એ એમ કહેતા હતા. કે 'હું બોલીશ એમાં મારા શબ્દોની પાછળ ન્યાય ચાલ્યો આવશે.' પૂજ્યશ્રી માટે એવું ન લાગે ? કે એમના શબ્દોની પાછળ પાછળ આગમ અને ઔચિત્ય ચાલી આવતા હોય ? યાદ આવે દશવૈકાલિક આગમ -**

**गिहिसंथवं ण कुज्जा कुज्जा साहूहिं संथवं ।**

## ગૃહસ્થોનો પરિચય ન કરવો,
## સાધુઓનો પરિચય કરવો.

જે એ માહોલમાં ય ભણવા બેસત, એ સાધુઓનો પરિચય શી રીતે કરી શકત ?

પૂજ્યશ્રી સમગ્ર જીવનમાં આ આગમવચનને જીવ્યા. લોકૈષણાથી પર રહ્યા, શ્રીમંતોથી ય નિર્લેપ રહ્યા. સાધુઓ માટેનો એમનો અહોભાવ. એમનું વાત્સલ્ય એમની કાળજી નેત્રદીપક રહી. પૂજ્યશ્રી જીવંત દશવૈકાલિક સૂત્ર બન્યા. પૂજ્યશ્રી જીવંત આગમ બન્યા. ગીતાર્થતાનો આથી વધુ પરિચય બીજો કયો હોઈ શકે ? યાદ આવે નંદીસૂત્ર -

**से एवं आया**

***મહાત્મા એવી રીતે આગમોને ભણે***
***કે તે સ્વયં આગમસ્વરૂપ થઈ જાય.***
***એમનો આત્મા જ આગમ બની જાય.***
***આગમ જ એમનો આત્મા બની જાય.***

પૂજ્યશ્રીનું - જંગમ જ્ઞાનભંડાર - આ વિશેષણ પણ આ જ વાત કરે છે ને ? અન્ય સમુદાયના એક આચાર્ય ભગવંત. એમને ખૂબ જ જટિલ રોગ થયો. જેની સારવાર વિદેશમાં જ શક્ય હતી. આચાર્ય ભગવંતને સારવાર માટે વિદેશમાં લઈ જવા કે નહીં, એ અંગે મૂંઝવણ થઈ. આચાર્ય ભગવંતના અગ્રણી શ્રાવકો પૂજ્યશ્રી પાસે આવ્યા. મૂંઝવણ રજુ કરી. પૂજ્યશ્રીએ વળતી જ પળે કહી દીધું. 'આ પરિસ્થિતિમાં એમને વિદેશ લઈ જઈને એમનું ઓપરેશન કરાવી લેવું જોઈએ. જો નહીં કરાવો તો તીર્થંકર - ગણધરની હત્યાનું પાપ લાગશે.' પૂજ્યશ્રીની શ્રદ્ધેયતાએ આ વચનનો તાત્કાલિક અમલ કરાવ્યો. આચાર્ય ભગવંત સ્વસ્થ થયા. એક મોટી ઘાત ગઈ.

પૂજ્યશ્રીના આ ઓન ધ સ્પોટ આપેલા સ્ટેટમેન્ટમાં કેટકેટલા આગમ વચનોનું હાર્દ સમાયેલું હતું...

આગમ કહે છે -

**जो एगदेसे अदढो उ पोतो**
**सो लिप्पते सो उ करेइ कज्जं ।**

**હોડી એક ભાગમાં તૂટી ગઈ હોય, ઢીલી થઈ ગઈ હોય, તો તેટલા ભાગમાં સમારકામ કરાવી લેવાય, તો પછી એ હોડી કામ લાગી શકે.** આખી હોડી જ ખખડી ગઈ હોય, ત્રણ સાંધો ને તેર તૂટે જેવી દશા હોય, એવી હોડીને છોડી દેવી જોઈએ. કારણ કે એ કશા કામમાં આવતી નથી. એ જ રીતે શરીર જ્યારે અત્યંત જીર્ણ થઈ ગયું હોય અને જીર્ણ કપડું ફાટે, તેને સાંધવામાં આવે, એટલે તે સાંધાની બાજુના ભાગમાં ફાટે... આ ક્રમ ચાલ્યા કરે, એની જેમ શરીર હવે સમું થવું શક્ય જ ન હોય, તો ત્યારે તે શરીરનો વિધિત્યાગ ઉચિત છે. પણ જો તેવું ન હોય, ચિકિત્સાથી તે શરીર સ્વસ્થ બને અને સંયમયાત્રાને આગળ ધપાવી શકે એવી શક્યતા હોય તો એ શરીરને ચિકિત્સા દ્વારા રક્ષવું જ જોઈએ. પ્રસ્તુતમાં આચાર્ય ભગવંતને જિનાગમ ચિકિત્સ્ય જ ઠેરવતું હતું. ચિકિત્સા પછી આજે વર્ષો વીત્યા... આજે પણ એ આચાર્ય ભગવંત સ્વસાધના સાથે વિરાટ પરિવારનું યોગક્ષેમ કરવા સહિત જિનશાસનની અદ્ભુત પ્રભાવના કરી રહ્યા છે. આગમ કહે છે -

**जावज्जीवं तु गुरुणो सुद्धमसुद्धेण होइ कायव्वं ।**

**ગુરુ (આચાર્ય) ની નિર્દોષ ઉપાયોથી જ ચિકિત્સા કરવી એવું નથી. દોષિત દ્વારા પણ ગુરુની ચિકિત્સા કરવી જોઈએ. અને કદાચ રોગ એવો હોય કે લાંબો સમય દોષિત ઉપાયો કરવા પડે, તો તે પણ કરીને ગુરુની ચિકિત્સા કરવી જોઈએ. કદાચ આજીવન પણ દોષિત ઉપાયો દ્વારા ગુરુનું શરીર ટકતું હોય, તો તે કરવામાં પાછા ન પડવું જોઈએ.**

તાત્પર્ય એ છે કે ગુરુ એ ગચ્છના-શિષ્યવૃન્દના નાયક હોય છે. શિષ્યપરિવાર એ ચક્રના આરા હોય છે. ગુરુ એમનું તુમ્બ હોય છે. એટલે કે નાભિ = વચલો ભાગ હોય છે. આગમ કહે છે -

**जेण कुलं आयत्तं पुरिसं आयरेण रक्खिज्जा ।**

**ण हु तुंबम्मि विणट्ठे अरया साहारया हुंति ।**

**કુલ-સમુદાય-ગણ જેમને આધીન હોય, જે એમનું યોગક્ષેમ કરતા હોય, તે વ્યક્તિને ખૂબ પ્રયત્નપૂર્વક રક્ષવી જોઈએ. જ્યારે તુંબનો જ વિનાશ થઈ જાય, ત્યારે આરાઓનો કોઈ જ આધાર રહેતો નથી.**

માટે આગમમાં ગુરુ-આચાર્યની ચિકિત્સા વગેરે દ્વારા ઉત્કૃષ્ટ કાળજી લેવાનું સ્પષ્ટ વિધાન છે. જો ન લેવાય તો તેના પરિણામસ્વરૂપ જે જે પરિસ્થિતિ આવે તેના માટે ગુરુની ઉપેક્ષા કરનાર જવાબદાર બને અને તેમને તે તે પરિસ્થિતિને ઉચિત પ્રાયશ્ચિત્ત આવે એવું પણ આગમમાં -

**परिताव-महादुक्खे-पुच्छापुच्छे ।**

વગેરે પદો દ્વારા બતાવ્યું જ છે.

હવે પ્રશ્ન એ થાય કે આ બધી વાત સાચી, પણ તો પછી પૂજ્યશ્રીએ એમ કહેવું જોઈએ ને ? કે આચાર્યની હત્યાનું પાપ લાગશે. તીર્થંકરની હત્યાનું પાપ લાગશે આવું કેમ કહ્યું ? એનો જવાબ મહાનિશીથ આગમ સૂત્રમાંથી મળે છે -

**जे भावायरिया ते तित्थयरसमा चेव दट्ठव्वा ।**

***જે ભાવ-આચાર્યો હોય તેમને તીર્થંકર સમાન જ જોવા.***

ગચ્છાચાર પયન્ના આગમ સૂત્ર કહે છે -

**तित्थयरसमो सूरी सम्मं जो जिणमयं पयासेइ ।**

**જે જિનમતનું સમ્યક્ પ્રકાશન કરે તે આચાર્ય ભગવંત તીર્થંકરની સમાન છે.**

પૂજ્યશ્રીએ ગણધર શબ્દનો પણ પ્રયોગ કર્યો હતો.

**वूढो गणहरसद्दो गोयमाइहिं०**

આવા શબ્દો દ્વારા આગમમાં આચાર્ય માટે ગણધર શબ્દનો પ્રયોગ પણ કરેલો છે.

કદાચ કોઈ તર્ક કરે કે ચિકિત્સાની કોઈ ના નથી. પણ વિરાધના કરીને ચિકિત્સા કેવી રીતે કરાય ? તેનો જવાબ આગમમાં –

**फासुगमफासुगेण च०**

ઈત્યાદિ પદોથી આપેલો છે. કે ગ્લાન માટે અપવાદમાર્ગે વિરાધનાથી પણ ચિકિત્સા અનુજ્ઞાત છે.

કોઈને છેલ્લી દલીલ સૂઝે કે બધી વાત સાચી પણ વિદેશમાં તો ન જ લઈ જવાય. એને આગમ જાણે 'ચૂપ'નો ઈશારો કરતું હોય, એમ કહે છે –

**को वोच्छइ गेलन्ने, दुविहं अणुअत्तणं निरवसेसं ?।।**

**जह जायइ सो निरुओ तह कुज्जा एस संखेवो ।।**

**મહાત્મા ગ્લાન થાય ત્યારે તે મહાત્મા અને વૈદ એ બંનેની બાબતમાં અઢળક અનુવર્તના કરવાની હોય છે. એ બધું તો કોણ કહી શકે ? પણ સંક્ષેપથી અમે એટલું કહીએ છીએ કે જે રીતે તે મહાત્મા નીરોગી થાય તે રીતે તેમને નીરોગી કરી દેવા.**

પૂજ્યશ્રીના કેટલા ઓવારણા લઈએ, એમને જંગમ જ્ઞાનભંડાર, મોબાઈલ લાઈબ્રેરી, ગુગલ, કોમ્પ્યુટર વગેરે શબ્દોથી આપણે નવાજીએ છીએ. પણ આ બધા શબ્દો ટૂંકા ને વામણા પડતા હોય એવું નથી લાગતુ ? પુસ્તકોના કબાટો ને માહિતીના સંગ્રહ પાસે આપણે આવી અપેક્ષા રાખી શકીએ ખરા ? એ કબાટો ને સંગ્રહ જુદી વસ્તુ છે અને ગીતાર્થતા એ જુદી વસ્તુ છે.

પંચમ સમિતિના સંદર્ભમાં સામાન્યથી સુકાઈ જવા પર ભાર મુકાતો હોય છે. પૂજ્યશ્રીએ વર્તમાન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં આવી વિચારસરણીના પરિણામરૂપે ઘોર શાસન અપભ્રાજના જોઈ અને એવી સ્થિતિમાં બહિર્ભૂમિ જવાનો સ્પષ્ટ નિષેધ કર્યો હતો. જે –

**पवयणस्स उड्डाहे ।**

– જેવા શાસનઅપભ્રાજનાને મહાપાપ ઠેરવતા આગમવચનો દ્વારા તદ્દન ઉચિત હતો.

નીતિશાસ્ત્રોનો એક પદાર્થ છે –

**विज्जा णिच्छयसारा ।**

વિદ્યા નિશ્ચયસારા હોય છે.

**તમે કેટલા ચોક્કસ છો, બેધડક છો, ડેફીનેટ છો. છાતી ઠોકીને કહી શકો છો. આત્મવિશ્વાસથી છલોછલ છો. એના આધારે તમે મેળવેલી વિદ્યાનો સાર નક્કી થાય છે. પ્રાયઃ–લગભગ–કદાચ–હિંચકા જેવા સંકલ્પ વિકલ્પો... આ બધું વિદ્યાની નિઃસારતાનું કે અલ્પસારતાનું લક્ષણ હોય છે. આ નીતિવચનનું જબરદસ્ત ઉદાહરણ એટલે પૂજ્યશ્રી. એમનો સૂર આવો રહેતો – 'આમ જ છે.' આ સાંભળનાર કોઈ વિદ્વાન મહાત્મા હોય, એમને એમાં બે–ચાર શાસ્ત્રોનો વિરોધ પ્રતીત થતો હોય, પૂજ્યશ્રીથી ઉતાવળમાં/ભૂલમાં કંઈક બીજું (!) બોલાઈ રહ્યું છે. એનો એમને થડકો થતો હોય. એમની આંખો–મુખમુદ્રા વગેરે પૂજ્યશ્રીને ફેરવિચાર માટે વિનવી રહ્યા હોય, ને પૂજ્યશ્રી પૂર્ણપણે અણનમ હોય. પછીનો તબક્કો આવે પૂજ્યશ્રીના વિધાનની અંદર ઉતરવાનો. પહેલા જે શાસ્ત્રોના વિરોધ લાગતા'તા તે જ શાસ્ત્રો હવે પૂજ્યશ્રીની વાતમાં સૂર પૂરાવતા લાગે. બીજા ય અનેક શાસ્ત્રોનો સંવાદ મળે, તર્કો ય પૂજ્યશ્રીના વચનની સેવામાં ઉપસ્થિત થતા જણાય. પૂજ્યશ્રીની ભૂલની કલ્પનામાં પોતાની ગંભીર ભૂલ દેખાય. પૂજ્યશ્રીનું વચન સો ટચના સોના જેવું છે એવું સ્પષ્ટ સમજાય.**

**આપણી દૃષ્ટિમાં એમ લાગે કે પૂજ્યશ્રી જીતી ગયા. પણ પૂજ્યશ્રી પ્રરૂપણા કરતી વખતે ય સહજ દશામાં હોય... એ પ્રરૂપણાનો અસ્વીકાર દેખાય એમાં ય સહજદશામાં હોય અને પરાકાષ્ઠાના અહોભાવ સાથે એ પ્રરૂપણાનો સ્વીકાર થાય એમાં ય સહજદશામાં હોય. પરાકાષ્ઠાના જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ સાથે પરાકાષ્ઠાના મોહનીયનો ક્ષયોપશમ. ગીતાર્થમાત્ર નહીં, સંવિજ્ઞતા સાથેની ગીતાર્થતા.**

भावियऽप्पा बहुस्सुओ

***ભાવિતાત્મા બહુશ્રુત.***

આવી દશવૈકાલિક આગમોક્ત દશાની સાકારતા... જસ્ટીફાય કરવાનું મારું ગજું ક્યાં ? દરિયાને લાખ લાખ વંદન કરી મારી ચમચી લઈને હું વિદાય લઉં છું. અલ્પોક્તિ-અન્યાય માટે ક્ષમાયાચના. પરમ તારક પરમ શ્રદ્ધેય શ્રીજિનાજ્ઞાવિરુદ્ધ કંઈ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

*　　*　　*　　*　　*

## ❀ ઉપમિતિ : સાક્ષાત્ તીર્થ ❀

ઉપમિતિ એ શત્રુંજય છે. શત્રુંજયના કાંકરે કાંકરેથી અનંતા આત્માઓ મોક્ષે ગયા છે. ઉપમિતિના એક એક અર્થપદથી ક્ષપકશ્રેણિ માંડીને આજ સુધીમાં અનંતા આત્માઓ મોક્ષે ગયા છે. ઉપમિતિ દ્વાદશાંગીની જેમ દ્રવ્યાર્થથી શાશ્વત છે, પર્યાયાર્થથી અશાશ્વત છે. શત્રુંજયમાં જિનાલયોની શ્રેણિ છે. ઉપમિતિમાં જિનવાણીની શ્રેણિ છે. શત્રુંજયની છટ્ઠ કરીને સાત યાત્રા કરે એમનો ત્રીજા ભવે મોક્ષ નક્કી છે. તમે ઉપમિતિની સાત યાત્રા કરો. ઉપમિતિ ગ્રંથનો સાત વાર શ્રેષ્ઠ અધ્યાય કરો, એના એક એક પદાર્થને તમારા આત્મામાં ઓળઘોળ થવા દો, તમારામાં પરિણમવા દો, તમારો ત્રીજા ભવે મોક્ષ નક્કી છે.

શત્રુંજયની નવ્વાણુ યાત્રાનો અદ્ભુત મહિમા છે. તમે જો ઉપમિતિની ૯૯ યાત્રા કરી લો, તો સમજી લો કે તમારું કામ થઈ ગયું. સતત વાંચો તો સાત દિવસમાં પૂરું થાય. તમે ૯૯ અઠવાડિયા કાઢો. ૨ વર્ષ જેવું થાય. તમને એટલી અનુકૂળતા ન હોય - રજાઓ પાડવી પડે એમ હોય તો ૫ વર્ષમાં ૯૯ યાત્રા કરો. **૫ વર્ષ પછી તમને લાગશે કે તમારું ખરું જીવન હવે શરૂ થયું છે. ૫ વર્ષ પછી તમને લાગશે કે તમારા આટલા ભવો ફોગટ ગયા. ૫ વર્ષ પછી તમને લાગશે કે જો અનંત ભવો**

**પહેલા આ પાંચ વર્ષ આવી ગયા હોત, તો આ અનંતભવ-ભ્રમણ ન થયું હોત. ૫ વર્ષ પછી તમારા સંપર્કના વર્તુળને લાગશે, કે આ માણસ આમૂલચૂલ બદલાઈ ગયો છે, એનું વ્યક્તિત્વ દિવ્ય થઈ ગયું છે.**

શત્રુંજયની જાત્રા બાહ્ય અને આંતર શત્રુઓ પર વિજય અપાવે છે. ઉપમિતિની જાત્રા પણ બાહ્ય અને આંતર શત્રુઓ પર વિજય અપાવે છે.

**पदे पदे विलीयन्ते भवकोटिभवान्यपि ।**

શત્રુંજયની જાત્રામાં દરેક પગલે કરોડો ભવોના પાપો ખપતા જાય છે. ઉપમિતિના પદે પદે કરોડો ભવોના પાપો ખપાવવાનું સામર્થ્ય છે. શત્રુંજય માહાત્મ્ય ગ્રંથ કહે છે - **શત્રુંજય એ જીવંત તીર્થંકર છે. ઉપમિતિ પણ જીવંત તીર્થંકર છે. જે જીવંત તીર્થંકર પાસેથી મળી શકે છે, તે ઉપમિતિ પાસેથી મળી શકે એમ છે. શત્રુંજયની એક પણ શિલાનું વિલોપન કરનાર ક્લિષ્ટ કર્મ બાંધીને દીર્ઘ ભવભ્રમણ કરે છે. ઉપમિતિની એક પણ જિનાજ્ઞાનું વિલોપન કરનાર ક્લિષ્ટ કર્મ બાંધીને દીર્ઘ ભવભ્રમણ કરે છે.**

ઉપમિતિ એ ગિરનાર છે. ગિરનારથી આવતી ચોવીશીના ચોવીશે તીર્થંકરો મોક્ષે જવાના છે. ઉપમિતિથી આવનારી અનંતી ચોવીશીના અનંતા તીર્થંકરો મોક્ષે જવાના છે. **ગિરનારમાં એવી રસકૂપિકાઓ છે, જેનું ટીપું ય લોઢાને સોનું બનાવી દે. ઉપમિતિમાં એવી રસકૂપિકાઓ છે, જેનું ટીપું ય આત્માને પરમાત્મા બનાવી દે. ગિરનારમાં એવી ઔષધિઓ છે, જે અટપટા રોગોને મટાડી દે. ઉપમિતિમાં એવી ઔષધિઓ છે, જે આત્મિક રોગોને મટાડી દે.** ગિરનાર એ કલ્યાણકભૂમિ છે. ઉપમિતિ એ કલ્યાણભૂમિ છે. ગિરનારનું આખું એટમોસફિયર પ્રસન્નતાથી તરબતર કરી દે તેવું છે. ઉપમિતિ આપણા સમગ્ર ભવિષ્યના એટમોસફિયરને પ્રસન્નતાથી તરબતર કરી દે એવી છે. ગિરનારની જાત્રાથી અઢળક મુમુક્ષુઓના દીક્ષાના વિઘ્નો ટળી ગયા છે. ઉપમિતિની જાત્રાથી અનંત મુમુક્ષુઓનો સંયમમાર્ગ ખુલ્લો થઈ ગયો છે. ગિરનાર વિકારી મનને

ય પવિત્ર બનાવી દે છે, ઉપમિતિ પણ વિકારો પર વજ્રપાત કરીને પવિત્રતાનું સામ્રાજ્ય ખડું કરી દે છે.

ઉપમિતિ એ જીરાવલા છે. જીરાવલા તીર્થ જગજયવંત છે. સમગ્ર વિશ્વમાં જે જયવંત છે. યા એની આજ્ઞા માનો, યા ન માનવાની સજા ભોગવો. આવું જેનું એક છત્રી સામ્રાજ્ય છે, એ છે ઉપમિતિ. **જીરાવલા દાદા જીવિત સ્વામી છે. ઉપમિતિ જીવંત સ્વામી છે = સાક્ષાત્ જિનેશ્વર ભગવાન છે. જીરાવલા એ ચમત્કારોની હારમાળા સર્જી છે. ઉપમિતિ આપણા ગળામાં ચમત્કારોની માળા પહેરાવવા સજ્જ છે.**

ઉપમિતિ એ શંખેશ્વર છે. શંખેશ્વર દાદાએ કૃષ્ણ મહારાજાની સેનાને ઘેરી ઊંઘમાંથી જગાડી હતી. ઉપમિતિ આત્માની અનાદિની ઘસઘસાટ ઊંઘને ને એ ઉંઘથી સર્જાતી બરબાદીને જાગરણના ઉત્સવમાં પલટી દે છે. શંખેશ્વર દાદાનો ભંડાર વધતો જ જાય છે, ઉપમિતિથી આત્માનો ગુણભંડાર વધતો જ જાય છે. શંખેશ્વર તીર્થ ભારતભરમાં અગણિત જિનાલયોના જીર્ણોદ્ધારો કરાવી રહ્યું છે. ઉપમિતિ તીર્થ વિશ્વભરમાં અગણિત આત્માઓના આત્મોદ્ધારો કરાવી રહ્યું છે. **શંખેશ્વર દાદાનો સ્પર્શ કરવા મળે અને જીવન ધન્ય થઈ જાય, ઉપમિતિ હૃદયમાં સ્પર્શે અને જીવન ધન્ય થઈ જાય. શંખેશ્વર વાયા વિરમગામ જવાય છે. ઉપમિતિ વાયા વિનય જવાય છે. શંખેશ્વર વાઢિયારની ખારી જમીનમાં ઉગેલું કલ્પવૃક્ષ છે. ઉપમિતિ આ ખારા સંસારમાં મળેલું સારસ્વરૂપ સુરતરુ છે.**

ઉપમિતિ એ શિખરજી છે. શિખરજીને મધુવન કહેવાય છે. ઉપમિતિ સ્વયં માધુર્યથી તરબતર ઉપવન છે. શિખરજી ૨૦ તીર્થંકરોની નિર્વાણભૂમિ છે, આપણે ઈચ્છીએ તો ઉપમિતિ આપણી નિર્વાણભૂમિ બની શકે છે.

ઉપમિતિ એ રાણકપુર છે. રાણકપુરની બાંધણી બેનમુન છે. ઉપમિતિ જે શૈલીથી ગુંથવામાં આવી છે. તે ખરેખર લા-જવાબ છે. રાણકપુરના નિર્માતાએ એક થાંભલામાં પોતાની તદ્દન ટચૂકડી મૂર્તિ કરાવી. જે સતત પ્રભુના દર્શન કરતી રહે. આવું અદ્ભુત જિનાલય બંધાવ્યા પછી ય

હું તદ્દન નીચ-સાવ તુચ્છ એકદમ નાનો - આવી સંવેદના એમનામાં રમતી હતી. **ઉપમિતિના નિર્માતાએ પોતાનો પરિચય દ્રમક-ભિખારી તરીકે આપ્યો છે. હું મહાવિદ્વાન નહીં, હું પ્રખર સર્જક નહીં, હું ગણિપદ ધારક મહારાજા નહીં, હું કોણ ? ફક્ત ભવની ગલીનો ભૂંડો ભિખારી. રાણકપુરના નિર્માતાની પેઢી-વંશ આજે ય ચાલ્યો આવે છે.** ઉપમિતિના નિર્માતાની પેઢી-શ્રમણ પરંપરા-પ્રભુની પાટ પરંપરા આજે ય ચાલી આવે છે. રાણકપુરમાંથી ડિઝાઈન લઈને ઘણા સ્થાપત્યો બન્યા છે. ઉપમિતિમાંથી શૈલી લઈને ઘણા સર્જનો થયા છે. રાણકપુર જંગલમાં મંગલ છે, ઉપમિતિ પણ આ ભવાટવીમાં - સંસાર જંગલમાં મંગલ છે.

ઉપમિતિ એ આબુ-દેલવાડાના જિનાલયો છે. દેલવાડાના શિલા-શિલ્પો અત્યંત અદ્‌ભુત છે. વર્લ્ડ રેકોર્ડ અને વર્લ્ડ-વન્ડર જેવા છે. ઉપમિતિના શબ્દ શિલ્પો પણ અત્યંત અદ્‌ભુત છે. વર્લ્ડ રેકોર્ડ અને વર્લ્ડ વન્ડર જેવા છે. **આબુ-દેલવાડાના જિનાલયો પર વિદેશીઓ ય આફરીન છે. ઉપમિતિનો વિદેશી ભાષાઓમાં ય અનુવાદ થયો છે. સંસ્કૃત ભણેલા વિદેશીઓ એને મૂળ સ્વરૂપે ય વાંચે છે. અને ખરેખર આફરીન થઈ જાય છે. આબુ-દેલવાડાના નિર્માણના મૂળમાં પરાકાષ્ઠાની પ્રભુભક્તિ હતી. ઉપમિતિના નિર્માણના મૂળમાં પરાકાષ્ઠાની શાસનભક્તિ હતી.**

**ઉપમિતિ એ ક્ષત્રિયકુંડ છે. એ અંતરમાં પરિણમે તો અંતરમાં મહાવીરનો જન્મ નક્કી છે. ઉપમિતિ એ ઋજુવાલિકા છે. આપણે એના કાંઠે ઠરી જઈએ તો શોર્ટ ટાઈમમાં આપણું કેવળજ્ઞાન નિશ્ચિત છે. ઉપમિતિ એ જ્ઞાતખંડ ઉદ્યાન છે, એ સાકાર થઈ જાય તો ધૂળની જેમ સમગ્ર સંસારને ખંખેરીને સંયમના પંથે ચાલી નીકળવું ખૂબ જ સરળ થઈ જાય છે. ઉપમિતિ એ પાવાપુરી છે. એ આપણા માટે છેલ્લી દેશના બની શકે છે. ભગવાનનો મોક્ષ છેલ્લી દેશના આપ્યા પછી તરત થયો હતો. આપણો મોક્ષ છેલ્લી દેશના સાંભળ્યા પછી તરત થઈ શકે છે.**

છગન રામકથા સાંભળવા જતો હતો. કથાકારની બરાબર સામે બેસી

જાય, સરસ રીતે સાંભળે. કથાકારને રોજ એમ થાય, કે આ એક શ્રોતા બહુ જ યોગ્ય અને સમજુ છે. દિવસો જવા લાગ્યા. છેવટે રામકથા પૂરી થઈ. છગને સભામાંથી ઊભા થઈને કહ્યું - 'એક પ્રશ્ન છે.' કથાકાર તો ખુશ થઈ ગયા. પ્રબુદ્ધ શ્રોતાને જ પ્રશ્ન થાય... 'બોલો બોલો શું પ્રશ્ન છે ?' છગન કહે, 'બીજું બધું તો ઠીક છે, પણ કથામાં સીતાનું હરણ થયું એ આવ્યું, પછી હરણમાંથી પાછી સીતા થઈ કે નહીં, એ ન આવ્યું.' એક જ ક્ષણમાં કથાકારની બધી ભ્રમણા તૂટી ગઈ.

આપણે આમ છગન કરતા ઘણા વધુ સમજદાર છીએ, હોંશિયાર છીએ, ઉપમિતિના ઊંચા પદાર્થોને સમજવાનો આપણી પાસે પન્નો છે, એવું આપણને લાગે છે. પણ જો આપણે ઉપમિતિનું અનુસરણ ન કરીએ, ઉપમિતિ આપણામાં ન પરિણમે, તો આપણામાં અને છગનમાં કોઈ જ ફરક નથી.

તમારે જીવન જીતવું છે ? જીવન સફળ કરવું છે ? તો એક ગ્રંથને તમારો પંથ બનાવો. જીવનમાં એક ટેક બનાવો. હું ચાલીશ તો આ જ રસ્તે. કોઈ પણ બાબતમાં હું પહેલો પ્રશ્ન એ જ પૂછીશ કે, 'આ બાબતમાં ઉપમિતિ શું કહે છે ? બસ, એ જે કહે એ હું આંખ મીંચીને કરી દઈશ.' બસ આટલી ભૂમિકા આવી જાય, તો તમારો મોક્ષ તમારી હથેળીમાં છે.

આપણી સિસ્ટમ એટલી જ છે કે આપણને ઠીક લાગે તે કરવું. આપણે અનાદિકાળની મોહરાજાની પટ્ટી પઢાવેલા છીએ. એટલે આપણને એ જ ઠીક લાગતું હોય છે. જે મોહરાજાને ઠીક લાગતું હોય છે. આપણે ઘોર કર્મો બાંધીએ, નરકની અંદર બફાઈ-તળાઈ, શેકાઈ જઈએ. છુંદો ને અથાણા બની જઈએ, ટુકડે ટુકડા થઈ જઈએ. ચૂરે-ચૂરો થઈ જઈએ. એવું જ મોહરાજા ઈચ્છે છે.

બચવાનો, સુખી થવાનો, કાયમી ધોરણે રાજા થવાનો એક જ માર્ગ છે - ઉપમિતિને આપણો રાજા બનાવી દઈએ. પરમ કારુણિક

શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજાની આ પ્રસાદી છે. ઉપમિતિ પર્યાયરૂપે આજથી લગભગ ૧૦૧૬ વર્ષ પહેલા લખાયો છે. દ્રવ્યરૂપે - અર્થરૂપે - તત્ત્વરૂપ એ એક શાશ્વત ગ્રંથ છે. **આજની તારીખમાં વીશે વિહરમાન તીર્થંકર પરમાત્માઓ દેશનામાં ઉપમિતિના પદાર્થો ફરમાવી રહ્યા છે. અનંત તીર્થંકરોએ જે વાત કરી અને અનંત તીર્થંકરો જે વાત કરશે, તે ઉપમિતિમાં લખેલી છે. ઉપમિતિ એ દ્વાદશાંગીનો અર્ક છે, ઉપમિતિ એ ૪૫ આગમનો સાર છે. ઉપમિતિ નથી જાણી એણે કશું નથી જાણ્યું, એક અપેક્ષાએ કહી શકાય, કે જેણે ઉપમિતિ નથી જાણી એ હજી ગર્ભમાંથી બહાર આવ્યો નથી.**

સવાલ ફક્ત જાણવાનો નથી, જીરવવાનો અને જીવવાનો પણ છે. બૃહત્કલ્પ આગમ સૂત્રમાં ત્રણ પ્રકારના બુદ્ધિશાળીની વાત કરી છે.

(૧) **ગ્રહણમેધાવી** - જે જાણવામાં, કેચ-અપ કરવામાં હોંશિયાર હોય છે, જેમનો ગ્રાસ્પિંગ પાવર સારો હોય.

(૨) **ધારણ મેધાવી** - જે જીરવવામાં કુશળ હોય, એટલે કે જે યાદ રાખી શકે તેમ હોય. ભોજન જમવું એ ગ્રહણ છે. ભોજન શરીરમાં ટકવું એ ધારણ છે. જો ભોજન જીરે નહીં = પચે નહીં, ઝાડા ઉલ્ટી થઈ જાય તો જમવાનો કોઈ મતલબ નથી.

(૩) **મર્યાદા મેધાવી** - જે શ્રુતને જીવી જાણે, એટલે કે જેના જીવનમાં શ્રુત જીવંત બને. એટલે કે જે શ્રુતોપદેશનું આચરણ કરે, ભોજન જમ્યા, પચ્યું પણ એનું પાચન એવી રીતે થાય કે ધાતુઓનું સંતુલન ખોરવાઈ જાય ને માણસ માંદો પડે, તો એનો ય કોઈ અર્થ નથી.

**બૃહત્કલ્પ આગમમાં પ્રશ્ન મુક્યો કે આ ગંભીર શ્રુત કોને આપવું ? એક ગ્રહણમેધાવી છે, એક ધારણ મેધાવી છે, એક મર્યાદા મેધાવી છે. કોને આપવું ? ત્યાં જવાબ છે- મર્યાદા મેધાવીને આપવું. તમે સાંભળ્યું,**

**વાંચ્યું, જાણ્યું, ગોખ્યું, રિવાઈસ કરી કરીને બરાબર યાદ રાખી લીધું, પણ જો તમે એને જીવનમાં જીવંત ન બનાવ્યું, તો બધું જ વ્યર્થ છે.**

મોટા ભાગના જીવો જિનવચનને જાણતા જ નથી. બહુ ઓછા જીવો જાણે છે, પણ તેમનામાંથી મોટા ભાગના જીવો જિનવચનને જીરવી નથી શકતા. બહુ વિરલા જીવો જીરવી શકે છે, પણ તેમનામાંના ઘણા જિનવચનને જીવી નથી શકતા. કરવું ને જીવવું-માં ય ફરક છે. પરમ પાવન નંદીસૂત્ર હજી આગળની વાત કે છે - બનવું.

**एवं से आया**

**શ્રુત એવું ભણો કે એ તમારો આત્મા બની જાય. એ તમારું સ્વરૂપ બની જાય. તમે ગ્રંથ વાંચ્યો-એવું ખરા અર્થમાં ત્યારે કહી શકાય કે જ્યારે તમારામાં એ ગ્રંથ વાંચી શકાય, તમારામાં જે ગ્રંથ વાંચી શકાતો નથી, એ ગ્રંથ તમે ખરેખર વાંચ્યો નથી. ઉપમિતિ ખરા અર્થમાં વાંચીએ/સાંભળીએ/જાણીએ - આપણું કામ થઈ જશે.**

* * * * *

## ❀ *Plan - 500* ❀

### *Only 8 Days For Jinshasan*

### ચાલો, જિનશાસનને લીલુંછમ બનાવીએ

Do you know ? એવા અઢળક સંઘો અને સ્થાનો છે જ્યાં મહાત્માઓના ચોમાસા નથી થતા, જ્યાં મહાત્માઓના એક દિવસ માટે ય પગલા નથી થતા, ને જ્યાં પર્યુષણમાં ય આરાધના કરાવનાર પંડિતજી/યુવાનના ફાંફા હોય છે. આપણે શહેરમાં રહીએ. બારે માસ આપણને જ્ઞાન મળે એવી અનુકૂળતા હોય. ગુરુ ભગવંતોએ ગળા ફાડી ફાડીને આપણને આટલું જ્ઞાન આપ્યું હોય, તો શું આપણે જિનશાસનને

આટલો પણ રિવોર્ડ નહીં આપીએ કે ૮ દિવસ માટે પર્યુષણમાં કોઈ નાના સેન્ટરમાં નાના સમૂહને પણ સરસ આરાધના કરાવીએ ?

ચાલો, આપણે સંકલ્પ કરીએ... નવી ૫00 ટીમ આવતા વરસથી નવા ૫00 સેન્ટર્સમાં પર્યુષણ કરાવે અને એમાંથી એક ટીમના એક સભ્ય આપણે હોઈએ.

તમને કશું આવડતું નથી. એમ ? Don't worry તમે આટલું કરો. તમે આવતા વર્ષે પર્યુષણ કરાવવા માટે સજ્જ થઈ જશો.

(૧) તમે રોજ ૧ નવી ગાથા અર્થ સાથે કરો અને નવકારથી ત્યાં સુધી રોજ અર્થચિંતન સાથે બોલી જાઓ. તમે આવતા વર્ષે ક્રિયાકારક તરીકે સજ્જ થઈ જશો.

(૨) આ પર્યુષણમાં બધા જ પ્રવચનો Up to end ધ્યાનથી સાંભળો. એ દ્રષ્ટિથી સાંભળો કે આવતા વર્ષે તમારે આપવાના છે.

(૩) આ પર્યુષણમાં તે તે પ્રવચન સાંભળ્યા પછી કલ્પસૂત્રની વાચનાઓ વગેરેની શ્રાવક પ્રાયોગ્ય પ્રતમાંથી તે તે પ્રવચન ધ્યાનથી વાંચી જાઓ.

(૪) પર્યુષણ પછી તે પ્રતમાંથી દર અઠવાડિયે એક પ્રવચન ધ્યાનથી વાંચી જાઓ. તેમાં ન સમજ પડે - પ્રશ્નો થાય તેના સમાધાનો મહાત્મા પાસેથી મેળવો. એક નોટમાં તે તે પ્રવચનના મુદ્દાઓ અને સમાધાનો લખતા જાઓ. તમે આટલું કરશો એટલે આવતા વર્ષે તમે વ્યાખ્યાન આપવા સજ્જ થઈ જશો.

(૫) પર્યુષણના સ્તવન, થોય અને તમને ગમે તે સજ્ઝાયોની રોજ ફક્ત ૧ લીટી ગોખો. (ત્રણેની ૧-૧ નહીં, કુલ ૧ જ) અને રોજ શરૂઆતથી બધાનું પુનરાવર્તન કરો.

(૬) રોજ ગુરુ ભગવંતોના પ્રેરક પુસ્તકોનું કમ સે કમ ૧૫ મિનિટ માટે વાંચન શરૂ કરો. એમાંથી મળતું જ્ઞાન તમને પ્રેક્ટીકલ રીતે ઉપયોગી થશે.

(૭) સ્વભાવ શાંત-સારો-નિઃસ્પૃહ બનાવો. વાણી મધુર બનાવો. વ્યવહાર શાલીન બનાવો. શ્રાવકપણાની સજ્જડ ભૂમિકા-પાયાના આચારોમાં ચુસ્તતા ઊભી કરો. વિજાતીય સામે જોવું સુદ્ધા નહીં એવી કટ્ટર મર્યાદાને જીવનમાં વણી લો. આટલું કરો એટલે તમે પર્યુષણની આરાધના કરાવવા માટે સજ્જ થઈ જશો.

તમે તમારા બે મિત્રોને પ્રેરણા કરી તમારી ત્રણ જણની ટીમ બનાવી શકો. ત્રણે ઓલરાઉન્ડર હોય તો બધું સારું, જેથી અટકે સટકે બીજા કામ લાગી શકે, છતાં એ શક્ય ન બને તો એક સૂત્ર-વિભાગ, બીજા સ્તવનાદિ વિભાગ અને ત્રીજો પ્રવચન-વિભાગ સંભાળી શકે. આ રીતે કામ વહેંચાઈ જતા ઘણું સહેલું બની જશે. આટલું કરીને તમે એવી સંસ્થા/ગુરુભગવંતોનો સંપર્ક કરો જેઓ પર્યુષણ કરાવવા માટે યુવાનોને મોકલે છે. તેઓ તમને સ્થાનનિર્દેશ પણ કરશે અને જરૂરી માર્ગદર્શન/ તાલીમ પણ આપશે.

જે આપ્યું એ આવતા ભવમાં મળવાનું નિશ્ચિત થઈ જાય છે. બીજાને ભાવથી જિનશાસન આપ્યું હશે, તો આપણને આવતા ભવમાં જિનશાસન અવશ્ય મળશે. આપણે જે સેન્ટરમાં જઈએ ત્યાં કેટલા ઘર, કેટલા માથા હતા, એનું મહત્ત્વ નથી. આપણે કોઈને જિનશાસન આપી શક્યા આ જ મોટી વાત છે. આટલું કરીને આપણે તો ન્યાલ થઈ ગયા. તેઓનું હિત થાય તે બોનસ છે.

**PLAN 500** - એક ટીમ આપણી નક્કી.

બરાબર ને ?

તમે કરો તો ખરા, પછી જુઓ કેવો આનંદ આવે છે.

(આ **PLAN** ફક્ત ભાઈઓ માટે છે. બહેનો શ્રાવકોને (પિતા/ ભાઈ/પતિ/પુત્રને) પ્રેરણા -પ્રોત્સાહન-પીઠબળ આપવા દ્વારા ઉચ્ચ લાભ મેળવી શકે છે.)

હાલ એક કાગળ હાથમાં આવ્યો છે - જે આ મુજબ છે.



## જાહેર ચેતવણી

**'આ મકાન ભયજનક છે.'**

તેથી તેનો કોઈ વ્યક્તિઓએ ઉપયોગ કરવો નહીં. આ મકાન ઉપર વધારે વ્યક્તિઓ ભેગી થાય અથવા નીચે ભેગા થાય અથવા આ મકાન પાસેથી પસાર થાય તે જોખમકારક છે. તથા જાનહાનિ થવા સંભવ છે. તેની તકેદારી રાખવા દરેકને આથી ચેતવણી આપવામાં આવે છે.

હુકમથી

**મ્યુનિસિપલ કમિશ્નર**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

પ્રભુએ પણ આ પ્રકરાનો કાગળ જાહેર કરેલ છે.



## જાહેર ચેતવણી

**'આ સંસાર ભયજનક છે.'**

તેથી તેનો કોઈ વ્યક્તિએ ઉપયોગ કરવો નહીં. આ સંસારમાં વધારે કે ઓછા વ્યક્તિઓ ભેગા થાય, અથવા નીચે ભેગા થાય અથવા સંસારની નજીક સુદ્ધા આવે તે જોખમકારક છે. તથા અનંત મૃત્યુ થવા સંભવ છે. (સંસાર, એની છાયા, એની સમીપતા બધું જ મહા જોખમી છે.) તેની તકેદારી રાખવા દરેકને આથી ચેતવણી આપવામાં આવે છે.

હુકમથી

**અનંત તીર્થંકરો**

જિનશાસન

## ❀ અષ્ટ મંગલ - સંઘ મંગલ ❀

સર્વ સમુદાયો - સર્વ પક્ષોએ માન્ય કર્યા હોવા છતાં
હજી કેટલાક સંઘો એવા છે
જેમણે અષ્ટમંગલ-દર્શન-બોલી શરૂ કરેલ નથી.
સંઘને આવકની જરૂર ન હોય તો
તે ન કરે એમાં કશું ખોટું પણ નથી
છતાં
એક લાગણી એવી થાય
કે જિનશાસનના ભવિષ્ય સ્વરૂપ પાઠશાળાઓ
જ્યારે મરવા પડ્યા જેવી દશામાં હોય
ત્યારે કેમ એવું ન થઈ શકે ? કે
તે સંઘો પણ અષ્ટમંગલની મંગળ શરૂઆત કરે
અને
તે બોલીના આઠ ચડાવાઓની ઉપજ
પાઠશાળામાં સાર્થ = અર્થસહિત ગાથા એક વર્ષમાં
હાઈએસ્ટ સંખ્યામાં જે બાળકો કરે તેમને આપવામાં આવે.
ધારોકે સૌથી મોટો ચડાવો ૫૦૦૦ રૂા.માં ગયો.
તો આ વર્ષે પાઠશાળામાં જે બાળક સૌથી વધારે
અર્થ સહિત ગાથા કરે અને છેલ્લે બધી એક સાથે સંભળાવી દે
તેને ૫૦૦૦ રૂા. આપવામાં આવે.
એ રીતે આઠ ચડાવા - આઠ નંબર - આઠ ઈનામ
ને એના આકર્ષણથી સેંકડો બાળકોની ગાથા-અર્થની દોટ...
દશ વર્ષમાં ન થાય એટલો એક વર્ષમાં અભ્યાસ...
થોડા સમયમાં તત્ત્વજ્ઞાનના મોટા મોટા શિખરો સર
સંઘનું સમગ્ર ભવિષ્ય સુરક્ષિત.
(પાઠશાળા બંધ હોય તો ય આ સ્કીમથી ઘરે ય અભ્યાસ ચાલુ રહે)

# ❀ શત્રુંજય પરિક્રમા ❀

ભક્તિના અનેક પ્રકારો છે
તેમાં એક વિશિષ્ટ પ્રકાર કહી શકાય એ છે
પરિક્રમા એટલે કે પ્રદક્ષિણા
અનેક આગમોમાં - **आयाहिणं पयाहिणं** - આ શબ્દો દ્વારા
ભક્તિપાત્રને પ્રદક્ષિણા કરવાનો ઉપદેશ આપ્યો છે.
પરમ પાવન શ્રી ચૈત્યવંદન મહાભાષ્યમાં
પ્રદક્ષિણાનું ફળ બતાવ્યું છે.
**पयाहिणा सव्वसंसिद्धी**
જે પ્રદક્ષિણા આપે છે એમને
સર્વ શ્રેષ્ઠ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે
એમની બધી જ મનોકામનાઓ પૂર્ણ થાય છે.
માટે જ જાહેર જનતામાં પણ ગિરનાર જેવા તીર્થની
પરિક્રમાનો અપરંપાર મહિમા છે.
આપણી બે પેઢી પહેલા શત્રુંજયની પરિક્રમા
વ્યક્તિગત રીતે ય ચાલતા કે વાહનમાં થતી હતી.
આજે નવ્વાણુંમાં કરાતી
એક વારની બાર ગાઉ યાત્રા સિવાય
પરિક્રમાના લાભથી લગભગ વંચિત રહેવાતું હોય છે.
ચાલો શરૂ કરીએ
શત્રુંજય પરિક્રમાની આનંદનીય સાધના.

## શત્રુંજય પરિક્રમાના બીજા પણ ૧૫ લાભો

(૧) ઉપર બિરાજમાન ૧૧,૦૯૪ આરસના પ્રાચીન પ્રભુજીઓની પ્રદક્ષિણા

(૨) ૬૬૫ પંચધાતુના પ્રાચીન પ્રભુજીઓની પ્રદક્ષિણા

(૩) ૧૦૫ જિનાલયોની પ્રદક્ષિણા

(૪) ૮૧૫ દેરીઓની પ્રદક્ષિણા, જાત્રા કરતા વચ્ચે વચ્ચે આવતી દેરીઓની પણ પ્રદક્ષિણા

(૫) તળેટીના અઢળક જિનાલયો અને હજારો ભગવંતોની પ્રદક્ષિણા

(૬) સેંકડો કે હજારો ગુરુ ભગવંતોની પ્રદક્ષિણા

(૭) પરિક્રમા માર્ગમાં આવતા ૭ જિનાલયોમાં દર્શન

(૮) ગિરિરાજની પવિત્ર છાયામાં વસેલા જુદા જુદા ૧૨ ગામોના દર્શન

(૯) આપણે દર વખતે એક જ એંગલથી ગિરિરાજના દર્શન કરતા હોઈએ છીએ, પરિક્રમા દ્વારા જુદા જુદા પચાસેક એંગલથી ગિરિરાજના દર્શન કરવાનો લાભ મળશે.

(૧૦) ગિરિરાજના પરિસરની ૩૬ કિ.મી. ની ભૂમિના પવિત્ર વાયુમંડળની સ્પર્શના થશે.

(૧૧) વચ્ચે વચ્ચે જ્યાં જ્યાં મન થાય ત્યાં ત્યાં ગિરિરાજની ભાવથી સ્પર્શના થઈ શકે, અક્ષત વધામણા અને પુષ્પ વધામણા થઈ શકે.

(૧૨) વરઘોડાની જેમ કે છ'રિ પાલિત સંઘની જેમ અખંડ ધારાવહી કરવા દ્વારા ગિરિરાજને અર્ધ્યાંજલિ અર્પણ કરવાનો લાભ મળી શકે.

(૧૩) પરિક્રમાની મહત્તમ પળોમાં એકાંતમાં ગિરિરાજને મન ભરીને માણવાનો લાભ મળી શકે, જ્યાં ફક્ત આપણો પરિવાર અને ગિરિરાજ જ હોય.

(૧૪) શત્રુંજય માહાત્મ્ય ગ્રંથમાં આ ગિરિરાજને સાક્ષાત્ તીર્થંકર કહ્યો છે. પરિક્રમા દ્વારા સાક્ષાત્ તીર્થંકરની પ્રદક્ષિણા કરવાનો લાભ મળે.

(૧૫) ગિરિરાજના કાંકરે કાંકરેથી અનંત આત્માઓ મોક્ષે ગયા છે. એ પ્રત્યેકકાંકરો-શિલા-મહાશિલા સ્વયં પરમ તીર્થ સ્વરૂપ છે. એ લાખો-કરોડો પરમ તીર્થની પ્રદક્ષિણાનો લાભ પણ આ પરિક્રમા દ્વારા મળે.

શત્રુંજય પરિક્રમા
ચાલો
આપણે સહુ સંકલ્પ કરીએ

✺

શત્રુંજય ગિરિરાજની દર વર્ષે
કમ સે કમ એક પરિક્રમા તો
કરવી જ

✺

પ્રદક્ષિણાની સાથે સાથે
તીર્થપરિધિમાં અવરજવરથી
સહજ દેખરેખ દ્વારા
તીર્થરક્ષાનો પણ આમાં
લાભ થાય છે.

## ❀ એક મહાત્માની માંગણીથી લખી આપેલ કેટલાંક પૂજ્યોના પરિચયો ❀

### પૂ. ગચ્છાધિપતિ આ. ભ. શ્રીરાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા

**संतो पसंतो उवसंतो** - આ આગમવચનનો સાક્ષાત્કાર જેમનામાં અનુભવાય છે. જેઓશ્રી ક્રમશઃ શ્રમણી-ગચ્છાધિપતિ અને શ્રમણ-ગચ્છાધિપતિ પદે આરૂઢ થયા છે. ચાંદલો-ચરવળો-ચોવિયાર આ ત્રિપદીનો વિશિષ્ટ વિનિયોગ કરવા દ્વારા જિનપૂજા-સામાયિક/પ્રતિક્રમણ-રાત્રિ ભોજનત્યાગ સ્વરૂપ ધર્મના મહાપ્રભાવક બની રહ્યા છે. આહારશુદ્ધિ, જીવદયા અને જયણા ખાતર સત્સાહિત્ય વગેરે દ્વારા જેઓ ૯૦ વર્ષની ઉંમરે પણ યુવાનને ય શરમાવે એવો પુરુષાર્થ કરી રહ્યા છે.

### પૂ. આ. ભ. શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

વૈરાગ્યરસ ઝરતી દેશનાઓ દ્વારા જેમણે સેંકડો આત્માઓને સંસારથી તાર્યા, સીમંધરસ્વામી પ્રત્યેની જેમની ભક્તિ સકળશ્રીસંઘમાં આદર્શ મનાય છે, ૨૧ કરોડની સંખ્યામાં અરિહંત પદનો જાપ, શતાધિક પુસ્તકોનું લેખન, સહસ્રાધિક શાસ્ત્રોનો પુનરુદ્ધાર, અર્ધશતાધિક શિષ્યોનું અદ્ભુત યોગક્ષેમ, શાસનપ્રભાવના-રક્ષાના વિરાટ કાર્યોને સાથે રાખી અખંડ અંતર્મુખતા-ધ્યાન-અધ્યાત્મ અને સ્વાધ્યાયની ધારા.. આવા કેટકેટલા પાસાઓથી જે હીરો ઝળાહળા થતો રહ્યો, ને મહાપ્રયાણ પૂર્વે છેલ્લે છેલ્લે ય આપણને આ ઉપહાર આપતો ગયો.

### પૂ. આ. ભ. શ્રીજગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

93 years young આવું જેમના માટે બેધડક કહી શકાય, **नित्यं स्वाध्याय-संयमरतानाम्** - આ પંક્તિ જેમનામાં ચરિતાર્થ થતી દેખાય, ભલભલા છક્કડ ખાઈ જાય એ રીતે જેમના તર્કનું તીર પળવારમાં લક્ષ્યને વીંધીને રહે છે, અભિનવકર્મસાહિત્યના સર્જનમાં જેમનું વિશિષ્ટ

યોગદાન રહ્યું, આ ઉંમરે ય જેઓ વારંવાર એકાસણા ને બે/ત્રણ દ્રવ્યના જ એકાસણાઓની હારમાળા સર્જતા રહે છે.

### પૂ. આ. ભ. શ્રીપુણ્યરત્નસૂરીશ્વરજી મહારાજા

પ્રવચન જેઓ આપતા નથી, પણ જેમના જીવનની પળે પળ પ્રવચન છે. અટ્ઠમના પારણે અટ્ઠમ વગેરે ઘોર તપ... સતત અંતર્મુખ વ્યક્તિત્વ... સતત સ્વાધ્યાયયજ્ઞ... અભિનવ ટીકા-સર્જનોના સંશોધનો વગેરેની સાથે સાથે સુવિશાળ-મુનિવૃન્દનું જેઓ સુંદર યોગક્ષેમ કરી રહ્યા છે.

### પૂ. આ. ભ. શ્રીરશ્મિરત્નસૂરીશ્વરજી મહારાજા

જેઓ પરમગુરુકૃપાપાત્ર, ષડ્દર્શનનિષ્ણાત અને વિશાળ શ્રમણીગણ-નાયક છે. અખંડ એકાસણા સાથે સાથે પ્રાસંગિક છટ્ઠ-અટ્ઠમ પણ હોય ને તેમાં બે-બે ટાઈમ પ્રવચનની ધારા પણ વહેતી હોય, એ જેમના માટે સહજ છે, સંસ્કૃતમાં ગદ્ય-પદ્ય રચનાથી માંડીને અત્યંત જટિલ ગણાતી નવ્યન્યાયની પરિભાષાઓની સરળ ફોર્મ્યુલા સુધીના સર્જનો જેમણે કરેલા છે.

### પૂ. આ. ભ. શ્રીજગવલ્લભસૂરીશ્વરજી મહારાજા

ધર્મચક્ર તપ અને ધર્મચક્ર તીર્થ - ના નામે જેઓ શ્રીસંઘમાં વિખ્યાત છે. જેમની ગુજરાતી રસાળ કૃતિઓનો આંકડો કૂદકે ને ભૂસકે વધતો જાય છે. પુષ્પસામાયિકના આલંબને જેઓ વિરતિધર્મની પ્રભાવના કરી રહ્યા છે. જેમની નિશ્રામાં શાસનપ્રભાવક પ્રસંગોની હારમાળા ચાલતી રહે છે.

### પૂ. આ. ભ. શ્રીમલયકીર્તિસૂરીશ્વરજી મહારાજા

પાઠશાળાનો અભ્યાસક્રમ... શાસનલક્ષી પુસ્તકલેખન બાળ-યુવા શિબિરો અને પ્રવચનધારાઓ દ્વારા જેઓ શ્રીસંઘ પર વિશિષ્ટ ઉપકાર કરી

રહ્યા છે. વિષમ ક્ષેત્રમાં રહેલા જિનાલયોની રક્ષા માટે અને સંસ્કરણલક્ષી શિક્ષણ માટે જેમનો પુરુષાર્થ નોંધપાત્ર છે. સાવ જ કથળી ગયેલા આરોગ્યમાં પણ જેમની સંયમરુચિ અને સૂક્ષ્મકાળજી ઝળહળતી રહી.

## પૂ. આ. ભ. શ્રીરત્નસુંદરસૂરીશ્વરજી મહારાજા

છેલ્લા ચાર-સાડા ચાર દાયકાઓથી જેઓશ્રીની વાણી સહુને મંત્રમુગ્ધ કરી રહી છે. જેઓશ્રીના પુસ્તોકની સંખ્યા ૪૦૦ ને આંબવા જઈ રહી છે. લાખોના હૃદયપરિવર્તનો, જીવદયા-સાધર્મિક-સંસ્કૃતિ-શિક્ષણ વગેરે ક્ષેત્રે અદ્ભુત કાર્યો, ભારત સરકાર દ્વારા 'પદ્મવિભૂષણ' પદપ્રદાન, અત્યંત સંવેદનશીલ સ્વભાવ, પરમ ગુરુભક્ત અંતઃકરણ વગેરે પાસાઓથી ઝળહળતું જેમનું જીવન પણ 'રત્ન' અને 'સુંદર' છે.

## પૂ. આ. ભ. શ્રીકલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજા

જેઓ વર્ધમાનતપની ૧૦૮ ઓળીના આરાધક છે, 'પંચકલ્પ' જેવા એક ઉત્કૃષ્ટ શ્રુતના સંશોધક છે, ગુજરાતી-પદ્ય-રસાળ સાહિત્યના રચયિતા છે. અનેકાનેક પુસ્તકોના લેખક-સંપાદક છે, શાસન પ્રભાવક અનેક આયોજનોના કુશળ સંચાલક છે, ગુરુકૃપાપાત્ર, હૃદયસ્પર્શી પ્રવચનકાર અને મૌલિકચિંતનશક્તિસંપન્ન પણ છે.

## પૂ. આ. ભ. શ્રીજયસુંદરસૂરીશ્વરજી મહારાજા

જેઓ તાર્કિક શિરોમણિ તરીકે શ્રીસંઘમાં વિખ્યાત છે. જેમણે બાથ ભીડવી તો સિંહ સાથે એ ઉક્તિને ચરિતાર્થ કરતું સમ્મતિતર્ક પ્રકરણ-વાદમહાર્ણવ ટીકાનું દિગ્ગજ વિવેચન લખ્યું છે. બહુશ્રુતની આગમિક ઉપમાઓનું જેઓ ઉપમેય તત્ત્વ છે. પ્રવચનમાં શ્રુત-પરંપરા-અનુભવનો ત્રિવેણી સંગમ, વચનમાં નીતરતું સૌહાર્દ અને સૌજન્ય અને પ્રભાવક વ્યક્તિત્વ એ જેમના જીવંત પર્યાયો છે.

### પૂ. આ. ભ. શ્રીપદ્મભૂષણરત્નસૂરીશ્વરજી મહારાજા

મેવાડોદ્ધારક ગુરુદેવશ્રીના પગલે પગલે જેઓ મેવાડમાં અદ્ભુત શાસનપ્રભાવનાની હારમાળાઓ સર્જી રહ્યા છે. જેઓ વર્ધમાનતપોનિધિ છે. જેઓ આયોજનકુશળ પણ છે.

### પૂ. આ. ભ. શ્રીઅપરાજિતસૂરીશ્વરજી મહારાજા

જેઓએ વૈરાગ્યશતક આદિ ગ્રંથોનું સંપાદાન કર્યું છે. જેઓની પહેલી જ મુલાકાતે સરળતાની અમીટ છાપ પડ્યા વિના રહેતી નથી. જ્યોતિષશાસ્ત્રોમાં જેમણે ખેડાણ કર્યું છે. પ્રવચનમાં તત્ત્વ અને જીવનમાં સ્વાધ્યાય આ બંને પાસા જેમનામાં ઝગમગી રહ્યા છે.

### પૂ. આ. ભ. શ્રીઅજિતશેખરસૂરીશ્વરજી મહારાજા

નિજ ઉપદેશે રંજે લોકને ભંજે હૃદય સંદેહ - આ સૂક્તિના જેઓ સાક્ષાત્ દૃષ્ટાંત છે. સહજ વાતથી માંડીને પ્રવચન સુધી - જેઓ રમૂજ દ્વારા હૃદય પર રાજ કર્યા વિના રહેતા નથી. જેઓ સુંદર શાસનપ્રભાવના કરવાની સાથે સાથે ધર્મસંગ્રહણી અને નંદીસૂત્ર-દાર્શનિક અંશ જેવા દિગ્ગજ ગ્રંથોના અનુવાદ/વિવેચનકાર પણ છે. જેમના પુસ્તકો વાચકને સતત જકડી રાખે છે.

### પૂ. આ. ભ. શ્રીઅભયચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

શ્રુતજ્ઞાનની બારાખડીથી માંડીને જેઓ છેદસૂત્ર સુધીના શાસ્ત્રોના અધ્યાપક છે, જેઓ વર્ધમાનતપની ૧૦૦ ઓળીના આરાધક છે. શાસન પ્રભાવના... પ્રવચનધારા... અધ્યયન-અધ્યાપન વગેરે પુષ્પોથી જેમનું જીવન મઘમઘાયમાન છે.

### પૂ. આ. ભ. શ્રીમુક્તિવલ્લભસૂરીશ્વરજી મહારાજા

શ્રમણવાત્સલ્યનું ઝરણું જેમના હૃદયમાં ખળ ખળ વહી રહ્યું છે. નિત નવા ચિંતનનું ઝરણું જેમના મનમાં ખળ ખળ વહી રહ્યું છે. જેમના

અદ્ભુત લેખોની સરકારે યાચના કરી છે ને તે લેખોને યુનિવર્સિટીના કોર્સમાં સમાવ્યા છે. શાસનપ્રભાવક પ્રસંગોની હારમાળા જેમના પગલે પગલે સર્જાતી રહે છે.

### પૂ. આ. ભ. શ્રીમેઘદર્શનસૂરીશ્વરજી મહારાજા

પ્રવચનો, વાચનાઓ અને અધ્યાપનોમાં સંપૂર્ણ દિવસ વીતાવવાનું જેમનું સામર્થ્ય છે. 'જ્ઞાનદીપક'થી માંડીને જ્ઞાન ફોર યુ - જેવા આલંબનો દ્વારા હજારો પરિવારોમાં જેઓ શ્રુતધર્મની પ્રભાવના કરી રહ્યા છે. સરળ પુસ્તકોના લેખનથી માંડીને જટિલ ગ્રંથોના વિવેચનો સુધીની જેમની પ્રજ્ઞાને આધીન છે, બાળસંસ્કરણમાં જેમની માસ્ટરી નોંધપાત્ર છે.

### પૂ. આ. ભ. શ્રીઅભયશેખરસૂરીશ્વરજી મહારાજા

સુવિશાળ શ્રમણીવૃંદના જેઓ સુકાની છે. 'જેલર' જેવા સુપરહીટ પુસ્તકના જેઓ લેખક છે. અકાટ્ય તર્કશક્તિની લબ્ધિ જેઓને વરેલી છે. સંખ્યાબંધ પુસ્તકોના અને સંસ્કૃત ગ્રંથોના જેઓ સર્જક છે. શાસન પ્રભાવના જેમના પગલે પગલે સહજતાથી ચાલી આવે છે, નિર્મળ સંયમની જ્યોતિ જેમના જીવનમાં ઝગમગી રહી છે.

### પૂ. આ. ભ. શ્રીહંસકીર્તિસૂરીશ્વરજી મહારાજા

ગુરુકૃપાના જેઓ પરમ પાત્ર છે, તપોવનના હજારો બાળ-યુવાઓના જેઓ જીવનસુકાની છે. આચાર, ઔચિત્ય અને આત્મીયભાવના જેઓ ત્રિવેણીસંગમ છે, જેમની પ્રેરણા દ્વારા ધર્મ રાષ્ટ્ર અને સંસ્કૃતિના ક્ષેત્રે નિત નવા સ્વપ્નો સાકાર થતા રહે છે.

### પૂ. આ. ભ. શ્રીયશોવિજયસૂરીશ્વરજી મહારાજા

ન્યાયમાર્તંડ તરીકે જેઓ શ્રીસંઘમાં વિખ્યાત છે. 'પોલિસી' જેવી સુપરહીટ બુકથી માંડીને 'નયલતા' જેવા પચાસ હજાર શ્લોક પ્રમાણ સુવિશાળ વ્યાખ્યાગ્રંથ સુધીના બેનમુન સર્જનો જેમની કલમે સાકાર

થયા છે. વર્ધમાન તપની સો ઓળીના જેઓ આરાધક છે. જ્ઞાન, ધ્યાન અને અધ્યાત્મના જેઓ પુણ્યપ્રયાગ છે.

### પૂ. આ. ભ. શ્રીમહાબોધિસૂરીશ્વરજી મહારાજા

પ્રવચનશિખર તરીકે જેમની ખ્યાતિ દૂર દૂર સુધી પ્રસરેલી છે. 'મા-બાપને ભૂલશો નહીં' - પ્રવચનો દ્વારા જેઓ ખુદ રડીને હજારોને રડાવે છે. તદ્દન યુનિક કહેવાય એવા સર્જનો અને સંપાદનો જેમની આગવી ઓળખ છે, યુવાવર્ગને આકર્ષવાનું જેમનું ગજબનું સામર્થ્ય છે. ગુજરાતી, મરાઠી, રાજસ્થાની વગેરે ભાષાઓમાં જેમની પ્રવચનધારા અસ્ખલિત રીતે વહી શકે છે, વિહાર સેવા ગ્રુપોના પ્રેરક બનવા દ્વારા સંયમીઓની સેવા અને સુરક્ષાનું જેમણે અદ્ભુત કાર્ય કરેલ છે.

### પૂ. આ. ભ. શ્રીઉદયવલ્લભવિજયજી મહારાજા

શેરબજાર ને શિક્ષણ-વિષયક સુપરહીટ પુસ્તકોથી માંડીને 'જૈન તર્ક ભાષા' જેવા દાર્શનિક ગ્રંથના વિવેચન સુધીના સર્જનો જેમના હસ્તે સાકાર થયા છે. P.Y.S. શિબિરોમાં જેમની પ્રવચનગંગામાં ડુબકી લગાવવા યુવા વર્ગ દોડયો આવે છે. જિનશાસનના વર્તમાન પ્રશ્નોને પ્રત્યુત્તરમાં ફેરવી દેવા માટે જેઓ પુરુષાર્થ કરતા રહે છે, શાસનપ્રભાવનાના સુંદર કાર્યો જેમના દ્વારા થતા રહે છે.

### પૂ. આ. ભ. શ્રીચંદ્રજિત્સૂરીશ્વરજી મહારાજા

'મહાવીરપુરમ્' ના અન્વયે વિશ્વના મંચ પર પ્રભુ મહાવીરને આગવી રીતે પ્રસ્તુત કરવા જેઓ સ્વપ્ન જોઈ રહ્યા છે. ચમત્કારિક અને 'હટકે' અનુપ્રેક્ષા જેમના પ્રવચન અને લેખનનું આગવું પાસું છે. એક વિશિષ્ટ જાપસાધક તરીકે જેમની પ્રસિદ્ધિ છે.

### પૂ. આ. ભ. શ્રીસંયમબોધિસૂરીશ્વરજી મહારાજા

સહસ્રકૂટ તપની ઉગ્ર સાધના બાદ હાલ જેઓ પ્રભુ મહાવીર

તપની અતિ અગ્ર સાધના કરી રહ્યા છે. 'જૈનમ્ પરિવાર'ના માધ્યમે જેઓ જિનશાસનના સુંદર કાર્યોને સાકાર કરી રહ્યા છે. નિર્મળ સંયમ, સ્વાધ્યાયલીનતા અને પ્રવચનપટુતા જેમના જીવનના ઝળહળતા પાસા છે.

## પૂ. આ. ભ. શ્રીજિતરક્ષિતસૂરીશ્વરજી મહારાજા

શ્રીપ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા અને ઈ-પાઠશાળાના અન્વયે જેઓ સમ્યક્ જ્ઞાનની જબરદસ્ત લ્હાણી કરાવી રહ્યા છે, પુસ્તકાદિ માધ્યમો દ્વારા સકળ શ્રીસંઘને જેઓ જ્ઞાનમાર્ગે આગળ વધારી રહ્યા છે.

## પૂ. આ. ભ. શ્રીયશોરત્નસૂરીશ્વરજી મહારાજા

જેમના પ્રવચનોમાં પ્રભાવકતા ઝળકે છે, જેમની વાચનાઓમાં સાધુતા ઝળકે છે, જેમના સંશોધનોમાં વિદ્વત્તા ઝળકે છે, જેમના વાતાવરણમાં તપ, સંયમ અને સ્વાધ્યાય ઝળકે છે, જેમના પગલે પગલે સુંદર શાસનપ્રભાવના થતી રહે છે.

## પૂ. આ. ભ. શ્રીહર્ષવલ્લભસૂરીશ્વરજી મહારાજા

શાસનપ્રભાવનાના કાર્યોમાં જેમની આગવી આયોજનકુશળતા છે. જેઓ ગુરુકૃપાના પાત્ર છે, જેમના માર્ગદર્શનથી તીર્થો-મહોત્સવો-વિરાટસંખ્યામાં તપસ્યાઓ વગેરે સાકાર થતા રહે છે.

✳

જાહેર જનતા માટે

## ❀ પ્રભુ વીરની વૈરાગ્યધારા ❀

પરમ કરુણાસાગર ચોવીશમા તીર્થંકર
શ્રી મહાવીરસ્વામી ભગવાન કહે છે -
જીવન નશ્વર છે
એ કોઈ પણ ક્ષણે પૂરું થઈ શકે છે.
અને પૂરું થઈ જાય એ દુઃખદ છે
પણ એથી ય વધુ દુઃખદ એ છે
કે જેના માટે છે એ શરૂ સુદ્ધા નથી થતું.
જીવન સત્કાર્ય માટે જ છે.
એના વિના એ નિષ્ફળ છે.

*　*　*　*　*

પરમ કરુણાસાગર ચોવીશમા તીર્થંકર
શ્રી મહાવીરસ્વામી ભગવાન કહે છે -
સ્વજનની વિદાયમાં
શોક થાય એ સહજ છે.
પણ
આ ફક્ત શોકનો જ અવસર નથી
શીખનો પણ અવસર છે.
આ અવસરમાંથી આપણે ઘણું બધું શીખવાનું છે.

*　*　*　*　*

પરમ કરુણાસાગર ચોવીશમા તીર્થંકર
શ્રી મહાવીરસ્વામી ભગવાન કહે છે -
અનરાધાર વાત્સલ્ય સાથે આપણને કહે છે,

વત્સ !
તું રડ નહીં,
હું પણ તારી માતા છું, પિતા છું, ભાઈ છું
મિત્ર છું અને સ્વજન પણ છું;
જે કાયમ તારી સાથે રહેશે.
જે કદી વિદાય નહીં થાય.
રડ નહીં વત્સ !
હું તારી સાથે જ છું.

*          *          *          *          *

પરમ કરુણાસાગર ચોવીશમા તીર્થંકર
શ્રી મહાવીરસ્વામી ભગવાન કહે છે –
ખરી સંપત્તિ
ઘર, ગાડી, ઘરેણા કે રૂપિયા નથી
પણ પુણ્ય છે
જેને બીજા જનમમાં સાથે લઈ જઈ
શકાય છે.

*          *          *          *          *

પરમ કરુણાસાગર ચોવીશમા તીર્થંકર
શ્રી મહાવીરસ્વામી ભગવાન કહે છે –
ખરી વિપત્તિ
એ દુઃખો નથી
પણ પાપો છે
જે આત્માને ભવોભવ દુઃખી કરે છે.

*          *          *          *          *

પરમ કરુણાસાગર ચોવીશમા તીર્થંકર
શ્રી મહાવીરસ્વામી ભગવાન કહે છે -
તમે કેટલું જીવ્યા
એ મહત્ત્વની વસ્તુ નથી.
તમે કેવું જીવ્યા
એ જ મહત્ત્વની વસ્તુ છે,
સારું જીવવું છે ?
તો પાપો છોડી દો
અને ધર્મમાં મગ્ન થઈ જાઓ.

* * * * *

પરમ કરુણાસાગર ચોવીશમા તીર્થંકર
શ્રી મહાવીરસ્વામી ભગવાન કહે છે -
બેટા !
જે શરીર એક દિવસ રાખ જ
થવાનું છે
એના માટે આટલી બધી લડાઈ
શા માટે ?
આટલા જીવોની હિંસા શા માટે ?
આટલા બધા ઉધામા ને ગુસ્સા
શા માટે ?
આજે આટલો સંકલ્પ કર,
હું હવેથી સંપૂર્ણ દયાળુ બનીશ
સંપૂર્ણ અહિંસક બનીશ
અને સંપૂર્ણ શાંત બનીશ.

* * * * *

પરમ કરુણાસાગર ચોવીશમા તીર્થંકર
શ્રી મહાવીરસ્વામી ભગવાન કહે છે -
વત્સ !
જે પણ જન્મે છે,
તે જાય છે.
છેવટે તો સૌનો આ જ અંજામ છે.
શરીર નશ્વર છે
તેથી શરીર - આધારિત બધા
સંબંધો ય નશ્વર છે.
તારે તારું ભલું કરવું હોય
તો તું શરીરની ચિંતા છોડ
અને આત્માની ચિંતા કર.
એ શાશ્વત છે
એ કાયમ છે
એનું હિત કરીશ
તો તારું આખું ભવિષ્ય
સુખી થઈ જશે.

*  *  *  *  *

**દાદા આદિનાથને પ્રાર્થના**

ઐસી દશા હો ભગવન્
જબ પ્રાણ તન સે નીકલે
ગિરિરાજ કી હો છાયા
મન મેં ન હોવે માયા
તપ સે હો શુદ્ધ કાયા
જબ પ્રાણ તન સે નિકલે

અનશન કો સિદ્ધવટ હો
　　　　　　પ્રભુ આદિદેવ ઘટ હો
ગુરુરાજ ભી નિકટ હો
　　　　　　જબ પ્રાણ તન સે નિકલે

*　　　*　　　*　　　*　　　*

કે'ના છોરું ને કે'ના વાછરું
　　　　　　કે'ના માય ને બાપ
અંતકાળે જાવું જીવને એકલું
　　　　　　સાથે પુણ્ય ને પાપ.

*　　　*　　　*　　　*　　　*

જે ઉગ્યું તે આથમે
　　　　　　ખીલ્યું તે કરમાય
એહ નિયમ અવિનાશનો
　　　　　　જે જોયું તે જાય.
　　　　　　- શ્રમણભગવાન શ્રીમહાવીરસ્વામિ.

*　　　*　　　*　　　*　　　*

જિંદગીમાં કેટલું કમાણા રે
　　　　　　જરા સરવાળો માંડજો
આખરે તો લાકડા ને છાણા રે
　　　　　　જરા સરવાળો માંડજો
સમજુ સજ્જનને શાણા રે
　　　　　　જરા સરવાળો માંડજો

*　　　*　　　*　　　*　　　*

પરમ કરુણાસાગર ચોવીશમા તીર્થંકર
શ્રી મહાવીરસ્વામી ભગવાન કહે છે -
વત્સ !
શરીર ફક્ત આ ભવ કામ લાગશે,
ધર્મ ભવોભવ કામ લાગશે.
શરીર તો ધર્મનું સાધન માત્ર છે.
એનાથી જેટલો ધર્મ કરીશ એટલું જ તારું કલ્યાણ થશે.
ધર્મ એટલે
કરુણા, સત્ય, પ્રામાણિકતા, સદાચાર અને ત્યાગ.

* * * * *

## શું આ ભેદ આપણને જૈન સાબિત કરે છે ?

| વ્યવસાયિક ઓફિસમાં | સંઘ આદિ સંસ્થામાં |
|---|---|
| પૂરતા માણસો | ઓછા માણસો |
| સારા પગારો | મજાક જેવા પગારો |
| માણસ ટકે એવો પ્રયાસ | માણસ ભાગી જાય એવો પ્રયાસ |
| સારા બોનસ | બોનસ ન લાગે એવા બોનસ |
| લોકડાઉનમાં સાચવી લીધા | લોકડાઉનમાં મન ખાટા કરી દીધાં |
| માથે રહીને બધું ધ્યાન | આંખ આડા કાન |
| શ્રેષ્ઠ વહીવટ | ગેર-વહીવટ |
| ધમધોકાર ધંધો | લથડતી આરાધના |
| ટીપ ટોપ એટમોસફિયર | દયામણું દૃશ્ય |
| નુકશાન હરગીઝ ન ચાલે | છો સીદાય |

શ્રીસંઘ, ધર્મસંસ્થા વગેરેના ટ્રસ્ટીઓએ મનોમંથન કરવાની જરૂર છે. જો ખરેખર આવો ભેદભાવ છે તો દરેક ભવે દારિદ્રય, દુઃખ, રોગ, અંતરાય અને દુર્ગતિના ભાજન બનવું પડશે. જો આવું મંજૂર ન હોય તો આવા જુદા ધારાધોરણો ફગાવી દો. આના કડવા ફળો કદાચ આ ભવમાં ય ભોગવવા પડશે.

# ❀ શાશ્વત ઓળી ❀

# *Nine & Fine*

**લાગણી સાથે**

**અનાજ વીણવાના**

*૧ Benifits*

શાતાવેદનીય પુણ્ય ઉપાર્જન

આરોગ્ય પ્રાપ્તિ

અકસ્માત્ ટળે

દવા-ડોકટર-હોસ્પિટલના ખર્ચા ટળે

ચિંતા-તણાવથી મુક્તિ

કુદરતી આફતો ભૂકંપ વગેરેથી બચાવ

સુદૃઢ શરીર પ્રાપ્તિ

દીર્ઘ આયુષ્યની પ્રાપ્તિ

સુંદર રૂપની પ્રાપ્તિ

**તપસ્વીઓ માટે**

**ઉલ્લાસથી રસોઈ બનાવવાના**

*૧ Benifits*

આભિયોગિક કર્મનો ક્ષય,

સૌભાગ્ય પુણ્ય ઉપાર્જન

યશ પુણ્ય ઉપાર્જન,

કોઈ ભવે ભૂખ્યા ન રહેવું પડે

વિપત્તિ સંપત્તિ બને,

ભવોભવ મહાશ્રીમંતાઈ મળે,

સમ્યગ્દર્શન વિશુદ્ધ બને,

શાસનપ્રભાવનાનું નિમિત્ત બને,

શીઘ્ર અણાહારીપદ

પ્રાપ્ત થાય.

**ઉછળતા ભાવે**

**સંઘને પીરસવાના**

**9 Benifits**

તીર્થંકર નામકર્મનું ઉપાર્જન

દુર્ગતિનો કાયમ માટે ઉચ્છેદ

તીવ્ર બુદ્ધિ-મેધા-ધારણાશક્તિ

અત્યંત લોકપ્રિયતા

જ્યાં હાથ નાંખે ત્યાં સફળતા

વિઘ્ન વિનાશ

પારિવારિક સુખશાંતિ

જેટલા તપસ્વીઓને પીરસો

એટલા આંબેલનો લાભ

પરમ ચિત્તપ્રસન્નતા

અંતરાય-પાળવું વગેરે સચવાતું હોય / ન હોય

કુળ / આચારની શુદ્ધિ હોય / ન હોય

જયણા-જીવદયાની આશા જ ન હોય

પ્રભુની આજ્ઞા અભરાઈએ જતી રહેતી હોય

સંઘની આમાન્યા-અહોભાવ સચવાતો ન હોય

એવી સ્ટાફની સગવડ એ હકીકતમાં અગવડ નથી ?

આવા પરમ સૌભાગ્યથી મળતી તકને છોડીને આપણે દુર્ભાગ્ય વહોરી લઈશું ?

ચાલો, આ વખતે તો બધા રેકોર્ડ તોડી દઈએ -

*Plan-Zero Staff* આયંબિલ

ન પહોંચી શકો તો વાનગીઓ ઘટાડી દો,

પ્લાન જરૂર સફળ થશે.

બે પેઢી પહેલા આંબેલ ખાતે ૩-૪ દ્રવ્યો જ બનતા હતા

ચાર પેઢી પહેલા મહદંશે આંબેલખાતા જ ન હતા.